પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૨૩૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૩૦-૦૫-૨૦૨૪ ગુરુવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## રાજ્યમાં પ્રી મોનસુન એક્ટિવિટી જે હવે જૂનના પહેલા સપ્તાહથી જ શરૂ થઈ જશે,આગામી ૩ દિવસ ૪ જિલ્લામાં ધૂળ આંધીની આગાહી



અમદાવાદ,

રાજ્યમાં પ્રી મોનસુન એક્ટિવિટીની ગુજરાતના હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે આગાહી કરી છે. જે હવે જૂનના પહેલા સપ્તાહથી જ શરૂ થઈ જશે. બીજી બાજુ હવામાન વિભાગે ગુજરાતમાં ધૂળ આંધીની આગાહી કરી છે. જી હા...કચ્છ, બનાસકાંઠા, પાટણ, સુરેન્દ્રનગરમાં ડસ્ટ સ્ટોર્મની આગાહી કરાઈ છે. આગામી ૩ દિવસ ૪ જિલ્લામાં ધૂળ આંધીની આગાહી કરવામાં આવતા લોકો ચિંતામાં પેઠા છે. ધૂળ આંધીના પગલે વિઝિબિલિટીમાં ઘટાડો થશે. રાજ્યમાં આગામી ૫ દિવસ વાતાવરણ સૂકું રહેશે. રાજ્યમાં આગામી દિવસોમાં ગરમીમાં આંશિક ઘટાડો થશે. અરબી સમુદ્ર પરથી પવન ફૂંકાતા હવામાં ભેજનું પ્રમાણ વધ્યું છે. પવનની ગતિ ૨૫થી ૩૦ કિલોમીટર રહેવાની શક્યતા છે.

અંબાલાલ પટેલે કહ્યું કે, જૂનના પહેલા સપ્તાહમાં દક્ષિણ ગુજરાતમાં વલસાડ, ડાંગ સહિતના વિસ્તારમાં પ્રિ મોન્સુન એક્ટિવિટી હેઠળ વરસાદ થઈ શકે છે. મધ્ય ગુજરાતના ભાગોમાં વરસાદ થઈ શકે છે. જેમાં આણંદ, વડોદરા, નડિયાદ સહિતના વિસ્તારમાં વરસાદ આવી શકે છે. ધંધુકા, ભાવનગર તથા દક્ષિણ સૌરાષ્ટ્રના ભાગોમાં વરસાદ આવી શકે છે. અમદાવાદ, ગાંધીનગરમાં પ્રી મોનસુન એક્ટિવિટીની અસર થઈ શકે છે. તો પંચમહાલના ભાગો તથા સાબરકાંઠાના ભાગોમાં પ્રી મોનસુન એક્ટિવિટી હેઠળ વરસાદ થઈ શકે છે.

હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે રાજ્યમાં પ્રી મોનસુન એક્ટિવિટીની આગાહી કરી છે. જે હવે જૂનના પહેલા સપ્તાહથી જ શરૂ થઈ જશે. અંબાલાલ પટેલે કહ્યું કે, જૂનના પહેલા સપ્તાહમાં દક્ષિણ ગુજરાતમાં વલસાડ, ડાંગ સહિતના વિસ્તારમાં પ્રિ મોન્સુન એક્ટિવિટી હેઠળ વરસાદ થઈ શકે છે.

મધ્ય ગુજરાતના ભાગોમાં વરસાદ થઈ શકે છે. જેમાં આણંદ, વડોદરા, નડિયાદ સહિતના વિસ્તારમાં વરસાદ આવી શકે છે. ધંધુકા, ભાવનગર તથા દક્ષિણ સૌરાષ્ટ્રના ભાગોમાં વરસાદ આવી શકે છે. અમદાવાદ, ગાંધીનગરમાં પ્રી મોનસુન એક્ટિવિટીની અસર થઈ શકે છે. તો પંચમહાલના ભાગો તથા સાબરકાંઠાના ભાગોમાં પ્રી મોનસુન એક્ટિવિટી હેઠળ વરસાદ થઈ શકે છે.

અંબાલાલ પટેલે વધુમાં કહ્યું કે, આંધી વંટોળ સાથે રાજ્યમાં વરસાદ થઈ શકે છે. ૪ જૂન સુધીમાં સમગ્ર રાજ્યમાં વરસાદનું આગમન થઈ શકે છે. રોહિણી નક્ષત્રમાં પાછલા ભાગોમાં વરસાદ થવાથી ચોમાસું સારૂ રહેશે. સવા મહિના પછી સારો વરસાદ રાજ્યમાં રહેશે.

હવામાન વિભાગની આગાહી પણ કહે છે કે, આજથી રાજ્યમાં તાપમાનમાં ઘટાડો થતા લોકોને રાહત મળશે. બે થી ત્રણ ડિગ્રી તાપમાનમાં ઘટાડો થશે. હાલ ગરમીને લઈ કોઈ એલર્ટ નથી. પરંતુ પવનની દિશા બદલાતા તાપમાનમાં ઘટાડો થયો છે. ગઈકાલે અમદાવાદમાં તાપમાન ૪૫.૨ ડિગ્રી અને ગાંધીનગરમાં ૪૪.૫ ડિગ્રી તાપમાનમાં નોંધાયું હતું. હાલ પશ્ચિમથી દક્ષિણ પશ્ચિમથી પવન ફૂંકાતા તાપમાનમાં ઘટાડો થશે. ૨૫ - ૩૦ કિ.મી ની ઝડપે પવન ફૂંકાશે. આગામી પાંચ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. દરિયામાં ડીપ સ્ટીપ પ્રેસર ગ્રેડિયન્ટ બનતા દરિયામાં પવનની ગતિવિધિ વધી છે. દરિયા માટે હવામાન વિભાગે યેલો અલર્ટ જાહેર કર્યું છે. આ વર્ષે દેશમાં ૧૦૬ ટકા વરસાદ થવાની શક્યતા છે. ગુજરાતમાં પણ સામાન્ય કરતા વધુ વરસાદ થશે. ૨૮ તારીખે ગુજરાત, મુંબઈમાં ભારે વરસાદ થવાની આગાહી છે. અંબાલાલ પટેલે ચોમાસાની આગાહી કરીને લોકોને ખુશ કરી દીધા છે. ચોમાસુ રાજ્યમાં વહેલું આવવાની શક્યતા હવામાન નિષ્ણાતે વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, ૧૯ જૂનથી ગુજરાતમાં ચોમાસું વરસાદની શક્યતા છે. આજથી આદમાન નિકોબાર ટાપુ પર ચોમાસાની ગતિવિધિ શરૂ થઈ ગઈ છે. આંધી-વંટોળ સાથે વરસાદની ગતિવિધિની આગાહી અંબાલાલ પટેલે અગાઉથી કરી છે. ચક્રવાત જો ઓમાન તરફ ન ફંટાય તો સાગરના મધ્યમાં રહે તો દક્ષિણ સૌરાષ્ટ્રમાં, પશ્ચિમ ઘાટના ભાગોમાં ભારે વરસાદની શક્યતા રહેલી છે. તોફાની વાવાઝોડાથી ઓડિશા, મહારાષ્ટ્ર અને ગુજરાત પ્રભાવિત થશે. ગયા વર્ષે પણ અંદામાન અને નિકોબાર ટાપુઓમાં ચોમાસું ૧૯ મેના રોજ પહોંચ્યું હતું, પરંતુ કેરળમાં ૯ દિવસ મોડું ૮ જૂને પહોંચ્યું હતું. ચોમાસાના આગમન પહેલા બંગાળની ખાડીમાં સાયક્લોનિક સ્ટોર્મની શક્યતા છે. જેની ગુજરાતને પણ આંશિક રીતે અસર થવાની સંભાવના છે.

અંબાલાલ પટેલની વરસાદને લઈ આગાહી કરી છે. અંબાલાલ પટેલે આગાહી કરતા કહ્યું કે, ૨૮ મેથી ૪ જૂન વચ્ચે ગાજવીજ સાથે આંધી વંટોળની શક્યતા છે. રોહિણી નક્ષત્રમાં રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદની શક્યતા છે. આ કારણે ચોમાસું પણ વહેલુ આવશે. ૨૫થી ૨૮ મે સુધી દક્ષિણ ભારતમાં ચોમાસું આવવાની શક્યતા છે. અરબસાગરના ભેજના કારણે દેશ સહિત ગુજરાતમાં વરસાદ રહેશે. ગુજરાતમાં ૭થી ૧૪ જૂન વચ્ચે ચોમાસું આવવાની શક્યતા છે.ગિરનાર ઉપર આંધી સાથે ભારે પવનને કારણે રોપવે બંધ રાખવામાં આવ્યો છે. જૂનાગઢના ગિરનાર પર્વત પર આંધીના વાદળો છવાયા છે. આ કારણે ભક્તોને સવારથી કુદરતી નયનરમ્ય નજારો જોવા મળી રહ્યો છે. પવનની ગતિ વધુ હોવાથી ૨ દિવસથી રોપવે બંધ છે. ગૃરું દત્ત ભગવાનના ચરણ પખાડતા વાદળો પસાર થઈ રહ્યાં છે. ભર ઉનાળે પવન અને આંધીના વાદળોનો નજારો જોઈ લોકોમાં અચરજ છવાયુ છે. ગિરનાર પર્વત પર વાદળોની સફેદ ચાદર છવાઈ છે. ગિરનાર પર્વત પર કુદરતી નજારો જોવા લોકો સીડી પર થંભી જાય છે.

## રાજસ્થાનનું ચુરુ દેશનું સૌથી ગરમ શહેર, મહત્તમ તાપમાન ૫૦.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું

જયપુર,

ઉત્તર ભારતમાં કાળઝાળ ગરમીના કારણે હાહાકાર મચી ગયો છે. દેશના સૌથી ગરમ શહેરોની યાદી ઝડપથી બદલાઈ રહી છે. દરરોજ નવા શહેરોમાં તાપમાનનો પારો અણધારી રીતે પચાસ ડિગ્રી સેલ્સિયસને પાર કરી રહ્યો છે.રાજસ્થાનનું ચુરુ (રાજસ્થાન હવામાન અપડેટ) દેશનું સૌથી ગરમ શહેર હતું. ત્યાં મહત્તમ તાપમાન ૫૦.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે હરિયાણાનું સિરસા શહેર (હરિયાણા હવામાન અપડેટ) બીજા સ્થાને રહ્યું. ત્યાંનું તાપમાન ૫૦.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

હવામાન વિભાગે ૩૦ મે માટે રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ મધ્ય પ્રદેશ માટે તીવ્ર ગરમીની સ્થિતિ માટે રેડ એલર્ટ જારી કર્યું છે. દિલ્હી અને રાજસ્થાનમાં હાલ તાપમાન ૫૦ ડિગ્રીને પાર પહોંચી ગયું છે આ યાદીમાં ગુજરાતનું નામ પણ આવી શકે છે. કારણકે, ગુજરાતમાં પણ સતત ગરમીનો પારો વધી રહ્યો છે.

દિલ્હી બન્યું 'ભઠ્ઠી', અડધા દેશમાં 'આગ' વરસી રહી છે, ચુરુ અને સિરસામાં તાપમાન ૫૦ને પાર પહોંચી ગયો છે. હવામાન વિભાગના પ્રાદેશિક વડા કુલદીપ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે વિવિધ કારણોસર, દિલ્હીના નજફગઢ હીટ વેવ, નરેલા અને મુંગેશપુર જેવા સ્થળોએ પારામાં અણધારી વધારો જોવા મળી રહ્યો છે. તેમણે હાઈલાઈટ કર્યું હતું કે રાજસ્થાન તરફથી આવતા ગરમ પવનોથી બહારના વિસ્તારો પ્રથમ અસરગ્રસ્ત છે. દિલ્હીમાં આકરી ગરમી મંગળવારે પણ ચાલુ રહી હતી અને દિલ્હીના કેટલાક વિસ્તારોમાં તાપમાનનો પારો ૫૦ ડિગ્રી સેલ્સિયસની નજીક પહોંચી ગયો હતો. રાજસ્થાન તરફથી આવતા ગરમ પવનો અને તડકાના કારણે ખાસ કરીને દિલ્હીના બાહ્ય વિસ્તારોમાં તાપમાનમાં વધારો થયો હતો. હવામાન વિભાગ અનુસાર, દિલ્હીમાં આગામી કેટલાક દિવસો સુધી તીવ્ર ગરમીની સ્થિતિ યથાવત રહેશે. શહેરની પ્રમાણભૂત વેધશાળા સફદરજંગ ખાતે નોંધાયેલું મહત્તમ તાપમાન ૪૫.૮ ડિગ્રી સેલ્સિયસ હતું, જે સામાન્ય કરતાં પાંચ ડિગ્રી સેલ્સિયસ વધુ છે. જો કે, મુંગેશપુરનું તાપમાન અને શહેરની સીમમાં આવેલા નરેલામાં તાપમાનનો પારો ૪૯.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયો હતો, જે સામાન્ય કરતાં નવ ડિગ્રી સેલ્સિયસ વધુ છે. તે જ સમયે, નજફગઢમાં તાપમાન ૪૯.૮ ડિગ્રી સેલ્સિયસ હતું જ્યારે પીતમપુરા અને પુસામાં તે ૪૮.૫ ડિગ્રી સેલ્સિયસ હતું.

હવામાન વિભાગના નિષ્ણાતે જણાવ્યું છેકે, 'દિલ્હીના કેટલાક ભાગો ખાસ કરીને આ ગરમીના મોજાના વહેલા આગમન માટે સંવેદનશીલ છે, જે પહેલાથી જ ગંભીર પરિસ્થિતિને વધુ ખરાબ કરી રહી છે. મુંગેશપુર, નરેલા અને નજફગઢ જેવા વિસ્તારો સૌથી પહેલા ગરમીના મોજાનો સામનો કરે છે. અન્ય એક હવામાનશાસ્ત્રી ચરણ સિંહે જણાવ્યું હતું કે ખુલ્લા વિસ્તારો અને ઉજ્જડ જમીનો વધતા રેડિયેશનને કારણે ઊંચા તાપમાનમાં ફાળો આપી રહ્યા છે. દિલ્હીમાં મે મહિનાના છેલ્લા દિવસોમાં તાપમાનમાં તીવ્ર વધારો જોવા મળ્યો છે.રાષ્ટ્રીય રાજધાનીમાં ૪૫.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

રાજસ્થાનના ચુરુમાં તાપમાનનો પારો ૫૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયો છે. અન્ય શહેરોમાં પણ તાપમાન ૪૮-૪૯ ડિગ્રીની આસપાસ નોંધાયું છે. દિલ્હીમાં પણ તાપમાન ૫૦ ડિગ્રીને સ્પર્શી રહ્યું છે. તે જ સમયે, યુપીના ઝાંસીમાં દિવસનું તાપમાન ૪૯ ડિગ્રી હતું. આગરામાં તાપમાન ૪૮.૬ ડિગ્રી અને વારાણસીમાં ૪૭.૬ ડિગ્રી હતું. લખનૌના ઝોનલ મેટિરોલોજીકલ સેન્ટરના વૈજ્ઞાનિક અતુલ કુમાર સિંહના જણાવ્યા અનુસાર, ઉત્તર પ્રદેશમાં મે મહિનામાં આટલી ગરમી ક્યારેય નથી પડી. રાજસ્થાનના ચુરુ (ચુરુનું આજે તાપમાન), સટ્ટાબજાર માટે જાણીતા ફલોદી શહેર અને બાડમેરમાં તાપમાનનો પારો ૫૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયો છે. રાજ્યના અન્ય શહેરોમાં પણ તાપમાન ૪૮-૪૯ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યું છે. ઉત્તર પ્રદેશના હવામાનની વાત કરીએ તો યુપીના ઝાંસીમાં દિવસનું તાપમાન ૪૯ ડિગ્રી હતું. આગરામાં તાપમાન ૪૮.૬ ડિગ્રી અને વારાણસીમાં ૪૭.૬ ડિગ્રી હતું. લખનૌના ઝોનલ મેટિરોલોજીકલ સેન્ટરના વૈજ્ઞાનિક અતુલ કુમાર સિંહના જણાવ્યા અનુસાર, ઉત્તર પ્રદેશમાં મે મહિનામાં આટલી ગરમી ક્યારેય નથી પડી. યુપીમાં હવે થોડા દિવસો સાવચેત રહેવાની જરૂર છે.

'સ્કાયમેટ વેધર'ના રિપોર્ટ અનુસાર, 'બગડી જમીનવાળા ખુલ્લા વિસ્તારોમાં રેડિયેશન વધુ હોય છે. સીધો સૂર્યપ્રકાશ અને છાંયોનો અભાવ આ વિસ્તારોને અપવાદરૂપે ગરમ બનાવે છે.' પલાવતે કહ્યું કે પવનની દિશા પણ મહત્વની ભૂમિકા ભજવે છે. તેમણે કહ્યું કે, જ્યારે પવન પશ્ચિમ તરફથી ફૂંકાય છે, ત્યારે તેની સૌથી પહેલા આ વિસ્તારોને અસર થાય છે. આ બહારના વિસ્તારો હોવાથી અહીંનું તાપમાન ઝડપથી વધે છે."સ્ઠના પ્રાદેશિક વડા કુલદીપ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે નજફગઢ જેવા સ્થળોએ વિવિધ કારણોસર તાપમાનમાં તીવ્ર વધારો જોવા મળી રહ્યો છે. તેમણે હાઈલાઈટ કર્યું હતું કે રાજસ્થાન તરફથી આવતા ગરમ પવનોથી બહારના વિસ્તારો પ્રથમ અસરગ્રસ્ત છે.

## પાકિસ્તાનમાં દરેક ઈચ્છે છે કે મોદી ચૂંટણી હાર,પાકિસ્તાનના પૂર્વ મંત્રી ફવાદ ચૌધરી



ઈસ્લામાબાદ,

પાકિસ્તાનના પૂર્વ મંત્રી ફવાદ ચૌધરી હુસૈને ફરી એકવાર પીએમ મોદી અને ભાજપ પર નિશાન સાધ્યું છે. પાકિસ્તાન-તેહરીક-એ-ઈન્સાફ પાર્ટીના નેતાએ કહ્યું કે કાશ્મીર હોય કે બાકીનું ભારત, મુસ્લિમો આ સમયે કટ્ટરવાદી વિચારધારાનો સામનો કરી રહ્યા છે. આ સામાન્ય ચૂંટણીમાં નરેન્દ્ર મોદી હારે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે અને પાકિસ્તાનમાં દરેક વ્યક્તિ એવું જ ઈચ્છે છે.

પાકિસ્તાન દેશની સામાન્ય ચૂંટણીમાં ચૂંટણીનો મુદ્દો બની રહે છે. તે જ સમયે, ચૂંટણી દરમિયાન, પાકિસ્તાનના પૂર્વ મંત્રી ફવાદ ચૌધરી હુસૈન પણ સતત ભારતીય રાજકારણીઓ વિશે ટિપ્પણી કરી રહ્યા છે.તેમણે ફરી એકવાર લોકસભા ચૂંટણી અને પીએમ નરેન્દ્ર મોદીને લઈને નિવેદન આપ્યું છે. રાહુલ ગાંધી અને અરવિંદ કેજરીવાલના વખાણ કરતા ફવાદ ચૌધરીએ કહ્યું છે કે પાકિસ્તાનમાં દરેક ઈચ્છે છે કે નરેન્દ્ર મોદી ચૂંટણી હારી જાય.

ફવાદ ચૌધરીએ કહ્યું કે કાશ્મીર હોય કે બાકીનું ભારત, મુસ્લિમો આ સમયે કટ્ટરવાદી વિચારધારાનો સામનો કરી રહ્યા છે. આ સામાન્ય ચૂંટણીમાં નરેન્દ્ર મોદી હારે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે અને પાકિસ્તાનમાં પણ દરેક વ્યક્તિ ઈચ્છે છે કે નરેન્દ્ર મોદી ચૂંટણી હારી જાય. ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો ત્યારે જ સુધરશે જ્યારે આ કટ્ટરવાદ ઘટશે. પાકિસ્તાનની અંદર અને ભારતની અંદર પણ.

તેમણે વધુમાં કહ્યું કે પાકિસ્તાનમાં ભારત પ્રત્યે નફરત નથી, પરંતુ ત્યાં ભાજપ-આરએસએસ પાકિસ્તાન પ્રત્યે નફરત પેદા કરી રહ્યા છે. નફરત ફેલાવનારાઓને હરાવવાની આપણી ફરજ છે.

ફવાદ ચૌધરીએ વધુમાં કહ્યું કે, "ભારતીય મતદારોને ફાયદો એ છે કે તેમણે પાકિસ્તાન સાથે સંબંધો સુધારવા જોઈએ. ભારત એક વિકસિત દેશ બનવો જોઈએ અને તેથી નરેન્દ્ર મોદી અને તેમની કટ્ટરપંથી વિચારધારાને ચૂંટણીમાં હારવી જોઈએ. તેમને કોઈ પણ હરાવે, પછી ભલે તે રાહુલ હોય. જી, અરવિંદ કેજરીવાલ, મમતા બેનર્જી, મારી શુભકામનાઓ આ બધા લોકો સાથે છે."તમને જણાવી દઈએ કે તાજેતરમાં પીએમ મોદીએ લોકસભા ચૂંટણી દરમિયાન પાકિસ્તાની નેતા ફવાદ ચૌધરીના નિવેદનો પર ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે પાકિસ્તાનના નેતાઓ આપણા દેશના વિપક્ષી નેતાઓના વખાણ કેમ કરી રહ્યા છે તે તપાસનો વિષય છે.

## વિશ્વ બીજી મહામારી માટે તૈયાર રહે, બ્રિટિશ વૈજ્ઞાનિકે ચોંકાવનારો દાવો કર્યો



લંડન,

બ્રિટિશ સરકારના પૂર્વ મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર પેટ્રિક વેલેન્સે બીજી મહામારીની ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે થોડા સમય પછી બીજી મહામારી નિશ્ચિત છે. પૂર્વ વૈજ્ઞાનિક સલાહકારે આવનારી સરકારને આ તરફ ધ્યાન આપવાની સલાહ આપી છે.

તેમણે કહ્યું કે આપણે કોરોના જેવી પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયાર રહેવાની જરૂર છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે અમે હજી મહામારીનો સામનો કરવા તૈયાર નથી.

બ્રિટિશ વેબસાઈટ ધ ગાર્ડિયનના રિપોર્ટ અનુસાર, એક ઈવેન્ટને સંબોધિત કરતી વખતે વેલેન્સે કહ્યું કે, શરૂઆતમાં ખતરાઓની ઓળખ કરવા માટે આપણે વધુ સારી દેખરેખ સિસ્ટમ સ્થાપિત કરવાની જરૂર છે.વેલેન્સે કહ્યું કે આ યોગ્ય સમય છે જ્યારે દેશમાં ચૂંટણી ચાલી રહી છે. ચૂંટણીમાં રોગચાળાના ભયને મુદ્દો બનાવવો મહત્વપૂર્ણ છે. તેમણે ચૂંટણી પછી આવનારી સરકારને ઝડપી ડાયગ્નોસ્ટિક ટેસ્ટ, મહામારીના કિસ્સામાં ઝડપથી રસી ઉપલબ્ધ કરાવવા જેવી બાબતો પર કામ કરવાની સલાહ આપી છે.

## બિહારમાં સરકારી શાળાની ૧૪ વિદ્યાર્થીનીઓ બેહોશ; ૪૨ ડિગ્રી ગરમીમાં પણ રાજ્યની શાળાઓ ખુલ્લી છે

પટણા,

બેગુસરાયમાં વધી રહેલી ગરમી વચ્ચે ૧૨થી વધુ સ્કૂલની વિદ્યાર્થિનીઓ અચાનક બેહોશ થઈ ગઈ. બેભાન અવસ્થામાં વિદ્યાર્થીને સ્થળ પરથી ઉપાડીને મોટીહાની પીએચસીમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં તમામ વિદ્યાર્થીઓની સારવાર ચાલી રહી છે. આ સમગ્ર મામલો મતિહાની પોલીસ સ્ટેશન વિસ્તારની મતિહાની મિડલ સ્કૂલનો છે. વાલીઓનું કહેવું છે કે આકરી ગરમીમાં પણ બાળકોને રજા આપવામાં આવી નથી. ફરિયાદ પર એવું કહેવાય છે કે શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ કે કે પાઠકે શાળાને બંધ કરવાનો આદેશ આપ્યો નથી. વાલીઓનું કહેવું છે કે ૪૨ થી ૪૫ ડિગ્રી તાપમાનના કારણે બાળકો શાળામાં જ બીમાર પડી રહ્યા છે.

આ કાળઝાળ ગરમીના કારણે મોટીહાની મિડલ સ્કૂલની એક ડઝનથી વધુ વિદ્યાર્થિનીઓ બેહોશ થઈને સ્કૂલમાં જ પડી ગઈ હતી. આ પછી, શાળાના શિક્ષકોએ તેને ઉતાવળમાં ત્યાંથી ઉપાડ્યો અને તેને સારવાર માટે માટીહાની પીએસસીમાં દાખલ કર્યો. તેની સારવાર ચાલુ છે. શિક્ષકોએ જણાવ્યું હતું કે કાળઝાળ ગરમીમાં શાળા સવારે ૬ વાગ્યાથી ચાલે છે. અને આ સમયે તે ખૂબ જ ગરમ છે. આકરી ગરમીના કારણે લોકો પરેશાન થઈ રહ્યા છે. બીજી તરફ શાળામાં અભ્યાસ કરે છે. છોકરા-છોકરીઓ બેભાન થઈને નીચે પડી રહ્યાં છે.

શિક્ષકો અને વાલીઓએ બિહાર સરકારને આ સમસ્યાને ગંભીરતાથી લેવા જણાવ્યું હતું. સ્થાનિક લોકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે અધિક મુખ્ય સચિવ કે.કે.પાઠકે કડકડતી ગરમીમાં શાળાઓ બંધ કરવાનો આદેશ જારી કરવો જોઈએ. જેના કારણે શાળામાં અભ્યાસ કરતા શિક્ષકો અને વિદ્યાર્થીઓ ભારે પરેશાન છે. તેમણે કહ્યું કે આજે તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસ છે. સરકારે આ બાબતને ગંભીરતાથી લેવી જોઈએ.

## રાજ્યના ગેમઝોનોએ કરોડોની કરચોરી કરી છે,જીએસટી વિભાગ હરકતમાં આવ્યું



અમદાવાદ,

રાજ્યમાં રાજકોટમાં ગેમિંગ ઝોનના અગ્નિકાંડમાં ૨૮ની લાશ પડ્યા પછી તંત્રના એક પછી એક વિભાગો જાગી રહ્યા છે અને છેલ્લે છેલ્લે જીએસટી વિભાગ પણ જાગ્યું છે. જીએસટી વિભાગને હવે ખબર પડી છે કે આ ગેમ ઝોન જીએસટી તો ભરતા નથી. જ્યારે વાસ્તવમાં ગેમ ઝોનની વક પર ૧૮ ટકાનો દર લાગે છે. રાજ્યના ગેમિંગ ઝોનનું ટેક્સ ભર્યા વગરનું ટર્નઓવર ૧૦૦થી ૧૫૦ કરોડની વચ્ચે હોવાનો અંદાજ છે. કેટલાક ગેમ ઝોન તો વેકેશનમાં શનિ-રવિમાં જ એક જ દિવસમાં ૧૪થી ૧૫ લાખનો આંકડો વટાવી જાય છે. ગેમ ઝોનની સાથે-સાથે ચાલતા ફૂડ સ્ટોલમાં પણ આ જ પ્રકારની જીએસટી ચોરી થઈ રહી છે. જીએસટી વિભાગના રાજ્ય સ્તરના ધિકારે જમાવ્યું હતું કે ગેમ ઝોનમાં એન્ટ્રી સિવાય ગેમ રમવા માટે જે કાર્ડ પાય છે તેનું પેમેન્ટ ઓનલાઈન વસૂલાય છે. તેથી તે રકમ કયા ખાતામાં જાય છે તેની તપાસ કરાશે. કાર્ડના રૂપિયા કયા ખાતામાં જાય છે ગેમ ઝોનમાં લોકો પેમેન્ટ કરે એટલે તેમને કાર્ડ અપાય છે. અઢી હજારનો કાર્ડ હોય તો ૩ હજાર સુધીની વિવિધ ગેમ રમવા મળે છે. અધિકારીઓ કહે છે કે તપાસ એ દિશામાં પણ કરાશે કે આ કાર્ડનું પેમેન્ટ કયા ખાતામાં થાય છે.

આ સાથે જેનું જીએસટી રજિસ્ટ્રેશન નહીં હોય તેની પાસેથી ૧૦૦ ટકા પેનલ્ટી વસૂલાશે. રાજ્યમાં ૧૫૦થી વધુ ગેમ ઝોન છે, તેમા મોટાભાગના ૨૦ લાખથી વધુનું ટર્નઓવર ધરાવે છે. કેટલાય ગેમ ઝોન પાસે પાલિકાનું બીયું ન હોવાથી જીએસટી રજિસ્ટ્રેશન જ થતું નથી. અમદાવાદમાં ૩૫, સુરતમાં ૧૬, વડોદરામાં ૧૫, રાજકોટમાં ૧૫ જેટલા ગેમ ઝોન હોવાનું કહેવાય છે. જીએસટી વિભાગ તેને ચેક કરીને અંદાજિત આવક કાઢશે, વિભાગ જે તે ગેમ ઝોનની દિવસની અને ખાસ કરીને શનિ-રવિની આવકના આધારે પ્રતિ દિવસ અને તેના આધારે વાર્ષિક આવક કાઢીને ટેક્સ તથા પેનલ્ટી વસૂલશે.

## દિલ્હી રમખાણો કેસઃ ચાર વર્ષથી જેલમાં રહેલા શરજીલ ઈમામને હાઈકોર્ટે જામીન આપ્યા

દિલ્હી

દિલ્હી હાઈકોર્ટે સોમવારે કાર્યકર્તા શરજીલ ઈમામને દિલ્હીના જામિયા વિસ્તાર અને અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી (એએમયુ)માં કથિત રૂપે ભડકાઉ ભાષણ આપવા બદલ તેની સામે નોંધાયેલા રાજદ્રોહ અને ગેરકાનૂની પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ કેસમાં વૈધાનિક જામીન મંજૂર કર્યા છે.

જસ્ટિસ સુરેશ કુમાર કૈત અને જસ્ટિસ મનોજ જૈનની ડિવિઝન બેન્ચે એ હકીકતને ધ્યાનમાં લઈને આદેશ આપ્યો કે તેઓ તેમની સામેના ગુનાઓ માટે અડધી સજા ભોગવી ચૂક્યા છે. જો કે, ઈમામ જેલમાં જ રહેશે કારણ કે તે ૨૦૨૦ના દિલ્હી રમખાણો સંબંધિત મોટા કાવતરાના કેસમાં પણ આરોપી છે. ભડકાઉ ભાષણ આપવા બદલ ધરપકડ કરાયેલા શરજીલ ઈમામને લગભગ ચાર વર્ષ બાદ જામીન મળ્યા છે. ફેબ્રુઆરીમાં, દિલ્હીની એક કોર્ટે શરજીલ ઈમામને વૈધાનિક જામીન આપવાનો ઈનકાર કર્યો હતો. આ પછી શરજીલે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો.

ઈમામ સામે દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા નોંધાયેલા કેસમાં ગુનો નોંધવામાં આવ્યો હતો, જે શરૂઆતમાં રાજદ્રોહના ગુના માટે નોંધવામાં આવ્યો હતો અને બાદમાં યુએપીએની કલમ ૧૩ લાગુ કરવામાં આવી હતી. આ કેસમાં તે ૨૮ જાન્યુઆરી ૨૦૨૦થી કસ્ટડીમાં છે.

## બીજાપુરમાં સુરક્ષાદળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ, બે નક્સલી માર્યા ગયા



બીજાપુર

આજે ફરીથી છત્તીસગઢના બીજાપુરમાં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ થઈ. જેમાં પોલીસે બે નક્સલીઓને ઠાર કર્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મેડેડ પીએસ બોર્ડર હેઠળના જંગલ વિસ્તારમાં ચાલી રહેલા એન્કાઉન્ટરમાં સુરક્ષા દળોએ બે નક્સલીઓને ઠાર કર્યા છે. બીજાપુરના એસપી જિતેન્દ્ર યાદવનું કહેવું છે કે માડે પીએસ બોર્ડર હેઠળના જંગલ વિસ્તારમાં સુરક્ષાદળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. માર્યા ગયેલા બંને નક્સલીઓના મૃતદેહ અને હથિયારો મળી આવ્યા છે.પ્રાપ્ત માહિતી અનુસાર, પોલીસને માહિતી મળી હતી કે મડેડ પોલીસ સ્ટેશન હેઠળના કોરંજેડ-બંદેપારાના જંગલોમાં મેડેડ એરિયા કમિટીના એસીએમ બુકન્ના, વિશ્વનાથ, બમન અને અન્ય ૧૫-૨૦ સશસ્ત્ર માઓવાદીઓની હાજરી છે. માહિતી મળ્યા બાદ ડીઆરજી બીજાપુરની ટીમને ૨૭મી મેના રોજ મોકલવામાં આવી હતી. આ દરમિયાન બુધવારે પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી.

## મોદી સરકારે ઈડી કેડરના ૧૧ અધિકારીઓને જોઈન્ટ ડિરેક્ટર બનાવી દીધા

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) કેડરના ૧૧ અધિકારીઓને ફેડરલ એન્ટી મની લોન્ડરિંગ એજન્સીમાં મર્જ કર્યા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, અગાઉ સંયુક્ત નિયામકના પદ પર માત્ર એક કે બે કેડરના અધિકારીઓની નિમણૂંક કરવામાં આવતી હતી. કેન્દ્રીય નાણા મંત્રાલય હેઠળના મહેસૂલ વિભાગે ૧૧ અધિકારીઓને ડેપ્યુટી ડાયરેક્ટરથી જોઈન્ટ ડાયરેક્ટરમાં બઢતી આપવાનો આદેશ જાહેર કર્યો હતો.એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટમાં દેશભરમાં ૨૭ પ્રાદેશિક કચેરીઓ સહિત ૩૦થી વધુ સંયુક્ત નિયામકની જગ્યાઓ છે. હાલમાં, જેડી રેન્કમાં માત્ર ત્રણ ઈડી કેડરના અધિકારીઓ છે, જ્યારે બાકીના ભારતીય મહેસૂલ સેવા અધિકારીઓ છે, જેઓ ડેપ્યુટેશન પર ડિરેક્ટોરેટમાં જોડાય છે.ઈડીએ ફેડરલ તપાસ એજન્સી છે અને તેને ત્રણ કાયદાઓ હેઠળ નાણાકીય ગુનાઓની તપાસ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે - પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ,ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ અને ફ્યુજિટિવ ઈકોનોમિક ઓફેન્ડર્સ એક્ટ અહીં ઉલ્લેખનિય છે કે, છેલ્લા કેટલાક વર્ષોથી ઈડીની ખૂબ જ ચર્ચા થઈ રહી છે. દેશભરમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ કાર્યવાહીમાં આ એજન્સી ખૂબ એક્ટિવ છે. તેણે કેટલીય જગ્યાએ દરોડા પાડીને હજારો કરોડો રૂપિયા જપ્ત કર્યા છે.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીઆદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# શહેરા તાલુકાની સગીરાને ભગાડી જઈ શારીરિક સંબંધ રાખી પ્રેગનેન્ટ બનાવી બાળકને જન્મ અપાવનાર લુણાવાડના કેળના ઝડપાયેલ આરોપીની જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

લુણાવાડા, લુણાવાડા તાલુકાના કેળ મહાદેવ ફળિયાના આરોપી ઈસમે ૨૦૨૧ના વર્ષમાં શહેરા તાલુકાની સગીરાને પત્નિ તરીકે રાખવાના ઈરાદે ભગાડી ગયેલ હોય ભોગ બનનારને આરોપી અલગ અલગ સ્થળે લઈ જઈ મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધીને પ્રેગનેન્ટ બાળકને જન્મ અપાવી પકડાયેલ ગયેલ હોય આરોપીને પંચમહાલ એડી.સેશન્સ ત્રીજા જજની કોર્ટમાં ચલાવવામાં આવતા સરકારી વકીલએ ધારદાર દલીલોને દયાનમાં લઈ આરોપીના જામીન અરજી નામંજુર કરાઈ છે.

લુણાવાડા તાલુકાના કેળ ગામે મહાદેવ ફળિયામાં રહેતા ગોરધનભાઈ પર્વતભાઈ પટેલિયા શહેરા તાલુકાની સગીરાને ઓગસ્ટ ૨૦૨૧માં પત્નિ તરીકે રાખવા ભગાડી ગયેલ હતો. આરોપી ભગાડી ગયેલ સગીર વયની હોવાનુ જાણતો હોવા છતાં અલગ અલગ જગ્યારે ફેરવીને ભોગ બનનારને પ્રેગનેન્ટ કરી બાળકને જન્મ અપાવી પકડાઈ જઈ ગુનો આચરેલ હોય અને લાંબા સમયથી નાસતો ફરતો આરોપી પકડાઈ ગયેલ હોય જેને પંચમહાલ ત્રીજા એડિ.સેશન્સ જજ આર.જે.પટેલની સ્પેશિયલ પોકસો કોર્ટમાં જામીન મુકત કરવા અરજી કરેલ હતી. આ જામીન અરજીની સુનાવણી હાથ ધરાઈ હતી. સરકારી વકીલ રાકેશ એમ.ઠાકોરએ ધારદાર દલીલો તેમજ તપાસ હધિકારીઓ સોગંદનામા કાગળો જોતા પ્રથમ દર્શનીય કેસ જણાઈ આવતા જામીન મુકત કરતી અરજી નામંજુર કરતો હુકમ કર્યો હતો.

# લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અન્વયે પોસ્ટલ બેલટ મત ગણતરી અંગેની તાલીમ યોજાઈ

નડિયાદ, લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત સમગ્ર દેશમાં ૦૪ જૂનના રોજ મત ગણતરી થનાર છે. ત્યારે મતગણતરી પ્રક્રિયામાં જીલ્લાના ચૂંટણી કામગીરી સાથે જોડાયેલ અધિકારીઓને તાલીમબદ્ધ કરવાના આશય સાથે અધિક નિવાસી કલેક્ટર ભરત જોષીની અદયક્ષતામાં જીલ્લા પંચાયત, નડિયાદ ખાતે વધારાના મદદનીશ ચૂંટણી અધિકારીઓની પોસ્ટલ બેલટ ગણતરી અંગેની તાલીમ યોજાઈ. જેમાં, આ એડીશનલ મદદનીશ ચૂંટણી અધિકારીઓને પોસ્ટલ બેલટ મત ગણતરી પ્રક્રિયામાં કરવામાં આવનાર કામગીરી બાબતે તાલીમ આપી તેમને મુંઝવતા પ્રશ્નોનું સમાધાન આપવામાં આવ્યું હતું.

મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી, કપડવંજ અનિલ ગૌસ્વામી દ્વારા પોસ્ટલ બેલટ મત ગણતરી અંતર્ગત ડોક્યુમેન્ટ્સ ચકાસણી, ડેકલેરેશન ફોર્મ, માન્ય એકરાર ધરાવતું કવર, વેલીડ વોટ ગણવા માટેના માપદંડો, ગોપતાના સિદ્ધાંતનું પાલન, વોટ રીજેક્શન માટેના કારણો અને જોગવાઈઓ સહિતની મતગણતરી પ્રક્રિયાને સરળ શબ્દોમાં સમજૂતી આપવામાં આવી હતી.

વધુમાં, નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી કુસુમ સુધીર પ્રજાપતિ દ્વારા મત ગણતરી વખતે ચૂંટણી અધિકારીઓના આઈકાર્ડની અનિવાર્યતા, ઓર્ડર, રિઝર્વ ઓર્ડર, હિસાબપત્રક, મોબાઈલ પ્રતિબંધ, સમયપાલન સહિતના શિસ્તના મુદ્દાઓથી તાલીમાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

અધિક નિવાસી કલેક્ટર ભરત જોષીએ સમગ્ર મત ગણતરીની પ્રક્રિયાને ન્યાયપૂર્ણ અને શાંતિમય વાતાવરણમાં પુરી કરવા તમામ અધિકારીઓને જરૂરી સહયોગ આપવા વિંનતી કરી હતી.નોંધ છે કે, ખેડા જીલ્લામાં આઈટીઆઈ, પલાણા ખાતે તા. ૦૪ જૂનના રોજ સવારે ૦૮:૦૦ કલાકથી મત ગણતરી શરૂ થશે. આ તાલીમમાં વધારાના મદદનીશ ચૂંટણી અધિકારીઓ અને ચૂંટણીશાખાના અધિકારીઓ, કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# ધાનપુરના ખજુરી ગામે પુના કોટડા ચોકડી પાસે બાઈક સ્લીપ ખાઈ જતાં બાઈક ચાલક સહિત બેના મોત

દાહોદ, ધાનપુર તાલુકાના ખજુરી ગામે પુના કોટા ચોકડી પર બપોરના સમયે ચાલકની ગફલત અને વધુ પડતી ઝડપને કારણે પૂરપાટ દોડી આવતી મોટર સાયકલ સ્લીપ ખાઈ જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બાઈક ચાલક તથા તેની પાછળ બેઠેલ ૧૯ વર્ષીય આશાસ્પદ યુવાન મળી કુલ બેનું સ્થળ પર જ મોત નીપજ્યાનું તેમજ એકને ઈજાઓ થયાનું સત્તાવાર જાણવા મળ્યું છે.

દાહોદ જીલ્લામાં ગમખ્વાર અકસ્માતોની સંખ્યામાં દિન પ્રતિદિન થઈ રહેલો વધારો સૌને ચિંતિત કરી રહ્યો છે. એક ઘટનાની શાહી સુકાઈ ન સુકાઈ ત્યાં તો બીજી ઘટના પોલીસ દફતરે નોંધાતી જોવા મળી રહી છે. તેવા સમયે ગરબાડા તાલુકાના ઝરી બુજર્ગ ગામના મુડીયા ફળિયામાં રહેતા વિનુભાઈ કાળુભાઈ સંગોડ પોતાના કબજાની જઊજ્ઞીહડ્ર્િ મોટર સાયકલ પર ૧૯ વર્ષીય અનેસિંગભાઈ જગુભાઈ તથા જયદીપભાઈ સબીરભાઈ ભુરીયાને પાછળ બેસાડી પોતાની મોટરસાયકલ પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવતા ચાલક વિનુભાઈ સંગોડની ગફલત અને મોટરસાયકલની ક્ષમતા કરતા વધુ પડતી ઝડપને કારણે મોટર સાયકલના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ખજુરી ગામે પુનાકોટા ચોકડી પર મોટર સાયકલ સ્લીપ ખાઈ જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટરસાયકલ ચાલક વિનુભાઈ કાળુભાઈ સંગોડ તથા તેની પાછળ બેઠેલ ૧૯ વર્ષીય આશાસ્પદ યુવાન અને સિંગભાઈ જગુભાઈને માથામાં તથા શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતા તે બંનેનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે મોટરસાયકલ પર તે બંનેની પાછળ બેઠેલ જયદીપભાઈ સબીરભાઈ ભુરીયાને શરીરે ઓછી વધતી ઈજાઓ થવા પામી હતી. ઘટનાની જાણ થતા જ ધાનપુર પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને ઈજાગ્રસ્ત જયદીપભાઈ સબીરભાઈ ભુરીયાને સારવાર માટે ૧૦૮ મારફતે તાબડતોબ ધાનપુર સરકારી દવાખાને મોકલી આપવામાં આવ્યો હતો. તેમજ મરણ જનાર વિનુભાઈ કાળુભાઈ સંગોડ તથા અનેસિંગ જગુભાઈનીની લાશનો કબજો લઈ પંચો રૂબરૂ બંને મૃતકોની લાશનુ પંચનામું કરી બંને લાશને પોસ્ટ મોર્ટમ માટે ધાનપુર સરકારી દવાખાને મોકલી આપી ધાનપુર પોલીસે આ સંદર્ભે ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ખાનપુરના વાવ્યો ગામે ખેતરમાં મગર દેખાતા વન વિભાગ દ્વારા રેસ્કયુ કરાયું



મલેકપુર, મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકાના વાવ્યો ગામે આવેલ ખેતરમાં મગર દેખાતા ફફડાટ ફેલાયો હતો ખાનપુર તાલુકા વન વિભાગ દ્વારા સફળતાપૂર્વક રેસ્કયુ કરવામાં આવ્યું.

વડોદરા જીલ્લાની જેમ મહીસાગર જીલ્લામાં પણ મગર દેખા દેતા હોય છે. જીલ્લામાં મગર રહેણાંક વિસ્તારમાં ઘૂસી આવવાની ઘટનાઓ સામે આવી હતી. જોકે, વન વિભાગ ને જાણ થતા જ તાત્કાલિક વન વિભાગ દ્વારા રેસ્કયુ કરી સલામત રીતે નદીમાં છોડી મૂકવામાં આવે છે. ત્યારે આજરોજ વાવ્યો ગામે વિઠુલભાઈ જેલાભાઈ પટેલના બાજરીના ખેતરમાં કાપણી ચાલુ હતી. તે દરમિયાન અચાનક મગર જોવા મળતા મજૂરોમાં ફફડાટ ફેલાયો હતો. જોકે, આ બાબતની જાણ ખેતર માલિકને થતા માલિકે તાત્કાલિક સરપંચને જાણ કરી હતી તો ગણતરીની મિનિટમાં મૈચાપુર ગૃપ ગ્રામ પંચાયતના સરપંચ દીપકભાઈ પંડ્યા સ્થળે પહોંચ્યા હતા. ખેતરમાં પહોંચેલ સરપંચે મગર હોવાની જાણ વન વિભાગને કરી હતી તો ગણતરીના કલાકમાં વન વિભાગના રાઉન્ડ ફોરેસ્ટર જીબી ગોહિલ, કાયમી વોચમેન આર.આર.માલીવાડ, જેસીંગ ઉદા માલીવાડ, કે.પી. રાઠોડ, મંગળ ભૂરા સહિતની ટીમ સ્થળે દોડી આવી હતી. ભારે જહેમત બાદ અંદાજીત ત્રણ થી ચાર ફૂટ લાંબા આ મગરનું વન વિભાગ દ્વારા રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેને રહેણાંક વિસ્તારથી દૂર ભાદર નદીમાં છોડી મૂકવામાં આવ્યો હતો.

# EMRI ગ્રીન હેલ્થ સર્વિસ દ્વારા ગરમીની સિઝનમાં પશુ-પક્ષીઓને મેડિકલ સારવાર આપવામાં આવી

નડિયાદ, EMRI ગ્રીન હેલ્થ સર્વિસ અંતર્ગત કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ અને ફરતું પશુ દવાખાનું દ્વારા જીલ્લાનાં પશુ પક્ષીઓને ગરમીનાં પ્રકોપથી રાહત આપવાની કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં, કોઈપણ પ્રાણી કે પક્ષીને ડિહાઈડ્રેશન થઈ જાય તો તેમને ફ્લુડ થેરાપી, આઈસ પેક કે પાણીના પોતા મૂકીને તેમની સારવાર કરવામાં આવે છે અને જો વધારે બોડી ટેમ્પરેચર લાગે તો જરૂરી ઈન્જેકશન આપીને સારવાર કરવામાં આવે છે.

અત્યાર સુધીમાં ઊખછ્ઈં ગ્રીન હેલ્થ સર્વિસ અંતર્ગત ખેડા જીલ્લામાં મે મહિનામાં ૧૦ જેટલાં કેસ સામે આવ્યા છે. જેમાં કરૂણા એમ્બુલન્સ ૧૯૬૨ અને ફરતા દવાખાના દ્વારા ગાય, બિલાડી, કુતરા અને પક્ષીઓને વિવિધ મેડીકલ સારવાર આપીને ગરમીથી રક્ષણ આપવામાં આવ્યુ છે. નિઃશુલ્ક એનિમલ હેલ્પલાઈન નંબર ૧૯૬૨ ઉપર કોલ કરીને પશુ–પક્ષીઓ માટે મદદ માંગી શકાય છે.

# વિરપુર તાલુકાના ૩૨ ગ્રામ પંચાયતો વચ્ચે ફાયર સ્ટેશનનો અભાવ

વિરપુર, મહિસાગર જિલ્લાના વિરપુર તાલુકા મથકે આજદિન સુધી ફાયર સ્ટેશન ફળવાયુ નથી. તાલુકામાં જયારે આગની ઘટના બને ત્યારે લુણાવાડા કે બાલાસિનોરથી ફાયર ફાયટરો બોલાવવા પડે છે. જેમાં સમય નીકળી જતો હોય આગ વિકરાળ બની જતી હોય છે.

રાજકોટની ગોઝારી ઘટના બાદ સમગ્ર દેશમાં હાહાકાર મચી જવા પામ્યો છે. ત્યારે વિરપુર તાલુકામાં આજદિન સુધી ફાયર સ્ટેશન નહિ હોવાનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. વિરપુર તાલુકામાં ૩૨ ગ્રામ પંચાયત આવેલી છે. પરંતુ તાલુકા મથકે ફાયર સ્ટેશન નથી. જેથી વિરપુર કે આંતરિયાળ ગામડાઓમાં જયારે આગની ઘટના બને ત્યારે લોકોએ જાતે પાણીનો મારો ચલાવી આગને ઓલવવી પડે છે. તેમજ જો આગ બેકાબુ બને ત્યારે લુણાવાડા કે બાલાસિનોર ખાતેથી ફાયર બ્રિગેડને બોલાવવા પડે છે. જેમાં એકથી બે કલાકનો સમય નીકળી જતો હોવાથી ત્યાં સુધી અસરગ્રસ્તોએ માત્ર આગની જવાળાઓને જોઈને નિઃસાસા જ નાંખવા પડે છે. જેમાં તેમનુ સર્વસ્વ બળીને ખાખ થઈ જતુ હોય છે. તો ક્યારેક માનવહાનિના પણ બનાવો બનતા હોય છે. અગાઉ તાલુકાના અગ્રણિઓએ તાલુકા મથકે ફાયર સ્ટેશન ફાળવવા માટે આવેદનો આપીને રજુઆતો કરી હોવા છતાં આજસુધી તાલુકાને ફાયરની સુવિધાથી વંચિત રાખવામાં આવ્યો છે. ત્યારે તાલુકામાં ફાયર સ્ટેશન આપવા ફરી એકવાર માંગ ઉઠી છે.

# મહીસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ધ્વારા તા.૨૨/૦૬/૨૦૨૪ને શનિવાર ના રોજ ૧૦:૦૦ કલાકથી નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું

લુણાવાડા, રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ, નવી દિલ્હીના આદેશ અનુસાર અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ,અમદાવાદનાઓના ઉપક્રમે મહીસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, દવારા તા.૨૨/૦૬/૨૦૨૪ ને શનિવાર ના રોજ ૧૦:૦૦ કલાકથી નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સમાધાનલાયક કેસો જેવા કે, (૧)ફોજદાર સમાધાન લાયક કેસો(૨)નેગોશિએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ૧૩૮ના કેસો(૩)બેંક રીકવરીના કેસો (૪)અકસ્માત વળતરના કેસો (૫)મજુર ડીસ્યુટના કેસો (૬)જમીન સંપાદનના કેસો (૭)ફેરફાર/ભાગલા/ભાડા બેંક વસુલાત/સુખાધિકારીના હકકો વિગેરેના દિવાની દાવાઓ (૮)વીજળી અને પાણીના બીલના કેસો (૯)પ્રિ–લીટીગેશનના કેસો (૧૦)ભરણ પોષણના કેસો અને કૌટુંબિક ઝઘડાના કેસોનો સમાધાન લાયક કેસો તેમજ અન્ય સમાધાન લાયક કેસોનો સમાધાનપૂર્વક નિકાલ કરવા માટે આયોજન કરવામાં આવેલ છે. જેમાં કેસો મુકવા ઈચ્છતા પક્ષકારો, વકીલો જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, મહીસાગર મું.લુણાવાડા તથા મહીસાગર જીલ્લાની જે તે તાલુકા કાનુની સેવા સમિતિના ચેરમેનઓને સંપર્ક કરશો.

# જીલ્લા સેવા સદન દાહોદ ખાતે જીલ્લા ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં મતગણતરી અંગેની સમીક્ષા માટે મિટિંગ યોજાઈ



દાહોદ, દાહોદમાં લોકસભા સામાન્ય ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં હવે મત ગણતરીના દિવસો નજીકમાં છે ત્યારે જીલ્લા ચૂંટણી અધિકારી યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને જીલ્લા સેવા સદન ખાતે તમામ નોડલ અધિકારીઓની સાથે મત ગણતરી અંગેની સમગ્રતયા કામગીરી વ્યવસ્થા અંગેની સમીક્ષા માટે મિટિંગ યોજવામાં આવી હતી.

આ મિટિંગ દરમ્યાન મત ગણતરીના દિવસે મત ગણતરી સ્થળ પર ફરજ બજાવનાર તમામ નોડલ અધિકારીઓને તેમની કામગીરી અંગેની માહિતી પી.પી.ટી. દ્વારા વિસ્તૃતમાં આપવામાં આવી હતી. મત ગણતરી કેન્દ્ર ખાતે સુપર વિઝનથી લઈને પ્રવેશ ચકાસણી, પોલીસ બન્દોબસ્ત, પાર્કિંગ, સિક્યોરિટી, સફાઈ, સીસીટીવી જેવી મહત્વની બાબતોને ધ્યાને રાખી ચૂંટણી પ્રક્રિયાની દરેક કામગીરી વ્યવસ્થામાં કોઈપણ પ્રકારની કચાશ રહી ના જાય તેની ખાસ તકેદારી રાખવા જીલ્લા ચૂંટણી અધિકારી યોગેશ નિરગુડેએ સૂચના આપી હતી.

આ મિટિંગ દરમ્યાન જીલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, જીલ્લા પોલીસ અધિક્ષક રાજદીપસિંહ ઝાલા, નિવાસી અધિક કલેકટર જે. એમ.રાવલ, પ્રાયોજના વહીવટદાર સ્મિત લોઢા, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક બી.એમ. પટેલ, નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી હેતલ વસૈયા તેમજ તમામ મદદનીશ ચૂંટણી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દે.બારીઆ પાલિકાનુ વીજ બિલ લાખો રૂપિયા બાકી હોવા છતાં નગરના અનેક વિસ્તારોમાં દિવસે પણ લાઈટો ચાલુ

દે.બારીઆ, દે.બારીઆ નગરપાલિકાના વીજ બિલના લાખો રૂપિયા બાકી હોવા છતાં પાલિકા તંત્ર આ બાબતે ઘોર બેદરકારી દાખવી રહ્યુ હોય તેમ નગરના કેટલા વિસ્તારોમાં દિવસે પણ સ્ટ્રીટ લાઈટો ચાલુ જોવા મળે છે. જયારે વારંવાર વીજ કાપથી નગરજનોને અંધારામાં રહેવાની ફરજ પડે છે.

દે.બારીઆ નગરમાં લાખો રૂપિયાના ખર્ચે નવી સ્ટ્રીટ લાઈટો તેમજ હાઈમાસ્ટ નાંખવામાં આવ્યા છે. પરંતુ પાલિકાની ઘોર બેદરકારીના કારણે નગરના કેટલાય વિસ્તારોમાં દિવસે પણ સ્ટ્રીટ લાઈટો અને હાઈમાસ્ટ ચાલુ જોવા મળે છે.નગરના કેટલાય વિસ્તારોમાં રાત્રિ દરમિયાન ચાલુ કરાતી સ્ટ્રીટ લાઈટો બપોરના ૧૨ વાગ્યા સુધી ચાલુ રહેતી જોવા મળે છે. જેને બંધ કરવાની કોઈની જવાબદારી જ નથી. જેને લઈને પાલિકા પર વીજ બિલનુ ભારણ વધી રહ્યુ છે. હાલ પાલિકાનુ લાખો રૂપિયાનુ વીજ બિલ બાકી બોલે છે. જેને લઈ અગાઉ વીજ કંપની દ્વારા કેટલીક સ્ટ્રીટ લાઈટોના કનેકશન કાપી નાંખવામાં આવ્યા હતા. પાલિકામાં હાલ ચીફ ઓફિસર ચાર્જમાં છે. પ્રમુખની મુદ્દત પુર્ણ થતાં વહીવટદાર તરીકે મામલતદારને હવાલો સોંપાયો હોય પાલિકા જાણે ધણી ધોરી વિનાની બની ગઈ હોય તેવી હાલત જોવા મળે છે. ત્યારે વહીવટી અધિકારી દ્વારા આ બાબતે યોગ્ય તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવા માંગ કરાઈ છે. સાથે બાકી વીજ બિલ બાબતે વીજ કંપની દ્વારા પાલિકા પાસેથી પેનલ્ટી વસુલ કરાતી હોય છે જેના કારણે પાલિકા પર વધારાનુ ભારણ આવે છે તો આ પેનલ્ટી કોના કારણે વધી રહી છે તેની તપાસ પણ કરવા માંગ કરાઈ છે.

# ગોધરા તાલુકાના આઠ ગામોમાં નલ સે જલ યોજનાના પાણી ઘર સુધી પહોંચ્યા જ નથી

ગોધરા, ગોધરા તાલુકાના આઠ જેટલા ગામમાં નલ સે જલ યોજનાના પાણી બે વર્ષથી આવતા ન હોવાથી પાણીની તકલીફ પડતા ગામમાં નવીન હેન્ડપંપ મુકવાની માંગણી કરાઈ છે. આ યોજનામાં ભ્રષ્ટાચાર કરનાર કોન્ટ્રાકટર સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે.

પંચમહાલ જિલ્લામાં નલ સે જલ યોજના થકી મોટાભાગના ગામોમાં પાણી ઘરે ઘરે પહોંચતા હોવાના દાવા સામે ભાજપના જિલ્લા પંચાયત સભ્ય અને શિક્ષણ સમિતિના ચેરમેન નલ સે જલ યોજનામાં ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાથી નલ સે જલ યોજનાની કામગીરી કોન્ટ્રાકટરો સામે પોલીસ ફરિયાદ નોંધવાની માંગ કરી છે. ગોધરા તાલુકાના છાવડ, પીપલીયા, તરવડી, ઓરવાડા, બોડીદ્રા, ધોળી, કેવડીયા, વડેલાવ તથા બખ્ખર ગામના નલ સે જલ યોજના અંતર્ગત પાઈપો નાંખીને નલ ફીટ કરવામાં આવ્યા છે. પણ બે વર્ષથી આ નલમાંથી પાણીનુ એક ટીપું પણ આવ્યુ ન હોવાનો આક્ષેપ શિક્ષણ સમિતિના ચેરમેન અરવિંદસિંહ પરમારે કર્યો છે. ગામોમાં પાણીના સ્ત્રોત ઉભા કર્યા વગર પાઈપો અને નલ ફીટ કરી દેવામાં આવ્યા છે. કેટલીક જગ્યાએ પાઈપો અને નલ તુટી ગયા છે. કરોડો રૂપિયા યોજના પાછળ ખર્ચ્યા હોવા છતાં ગામમાં બે વર્ષથી પાણી નલમાંથી ન આવતા ઉનાળામાં એક–બે કિ.મી.ચાલી પાણી લાવવાની નોબત આવી છે. તેમજ આસપાસના ઘરોના કુવાના પાણી પર નિર્ભર રહેવાનો વારો આવ્યો છે. નલ સે જલ યોજના કારણે નવીન હેન્ડપંપની મંજુરી આપવામાં આવતી નથી. જેથી શિક્ષણ સમિતિના ચેરમેને કલેકટરને ગ્રામજનો અને પશુઓને પાણીની તકલીફ પડતી હોવાથી નવીન હેન્ડપંપ મુકવાની મંજુરી આપતી રજુઆત કરી છે.

## આપની આજ.......

મેષઃ આજે તમે તમારી ભાવનાઓને સારી રીતે વ્યક્ત કરી શકશો. આજે વિદ્યાર્થીઓ પોતાના માટે નવું પુસ્તક અથવા શિક્ષણ સંબંધિત કોઈપણ સામગ્રી ખરીદી શકે છે. આજે જે લોકો પ્રેમ સંબંધમાં છે અથવા આવનારા સમયમાં લગ્ન કરવા જઈ રહ્યા છે તેઓ તેમના લવમેટ અથવા તેમના ભાવિ જીવનસાથી સાથે બહાર જઈ શકે છે.

વૃષભઃ આ દિવસે તમારી એકાગ્રતા ઘટી શકે છે, જેના કારણે કરિયર અને શિક્ષણ ક્ષેત્રે પડકારોનો સામનો કરવો પડી શકે છે. જો કે પરિણીત લોકો માટે આજનો દિવસ સારો રહેશે, તમને તમારા જીવનસાથીનો સંપૂર્ણ સહયોગ મળશે.

મિથુનઃ આ દિવસે મિથુન રાશિના જાતકોએ પોતાના ભોજનનું વિશેષ ધ્યાન રાખવું પડશે, નહીં તો પાચનતંત્ર પર ખરાબ અસર પડી શકે છે, જેના કારણે સ્વાસ્થ્ય બગડવાની સંભાવના છે. આ રાશિના વ્યાપારીઓ માટે આજનો દિવસ સારો રહેશે

કર્કઃ

આજે આ ગુણોથી તમે તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરી શકો છો. કેટલાક લોકો આ દિવસે ઘર માટે કેટલીક ઈલેક્ટ્રોનિક વસ્તુઓ ખરીદી શકે છે. તમને ધાર્મિક કાર્યોમાં પણ રસ રહેશે.

સિંહઃ આજે ઉર્જા અને સકારાત્મકતાથી ભરેલા રહેશે. તમારી તર્ક ક્ષમતા પણ આજે જબરદસ્ત રહેશે. જે લોકો નોકરી કરે છે, તેઓ આજે વરિષ્ઠોને પોતાની વાતથી પ્રભાવિત કરી શકે છે. જેમને હજુ નોકરી નથી મળી, તેમને આજે નોકરી મળવાની સંભાવના છે.

કન્યાઃ આ દિવસે તેમના જીવનસાથી તરફથી સારું સરપ્રાઈઝ મળી શકે છે અથવા તો તમે તેમને સરપ્રાઈઝ આપી શકો છો. આ રાશિના લોકોના પારિવારિક જીવનમાં સારા ફેરફારો જોવા મળશે.

તુલાઃ આજે ગ્રહોની સ્થિતિ તુલા રાશિના લોકોને પારિવારિક જીવનમાં સુખદ અનુભવ કરાવશે. આજે તમે તમારા બાળકો અથવા પરિવારના સભ્યો માટે ભેટ ખરીદી શકો છો.

વૃશ્ચિકઃ આજે તમને ભાગ્યનો સાથ મળશે અને બગડતા કામો પણ થવા લાગશે. આજે તમે કાર્યસ્થળમાં ખૂબ વ્યસ્ત રહેશો, પરંતુ સારી વાત એ છે કે આજે તમે તમારા અટકેલા કામને પૂર્ણ કરવામાં સફળ થઈ શકો છો.

ધનઃ આ દિવસે, તમે એવા લોકો સાથે સમય પસાર કરવાનું પસંદ કરશો જેઓ મનની શાંતિ માટે તેમના શબ્દો બોલવા કરતાં તમારા શબ્દો સાંભળવા વધુ પસંદ કરે છે. તમારી વાણીમાં પણ મધુરતા જોવા મળશે.

મકરઃ આજે ઓનલાઈન ખરીદી કરીને ઘરના લોકો માટે તેમની પસંદગીની વસ્તુઓ ખરીદી શકો છો. આ રાશિના લોકોને કરિયરના ક્ષેત્રમાં પણ ફાયદો થશે.

કુંભઃ આજે ગ્રહોની સ્થિતિ તમને થોડી મૂંઝવણ આપી શકે છે, પરંતુ બારમા ભાવમાં ચંદ્રની હાજરીને કારણે તમે યોગ-ધ્યાન અથવા ઘરના કોઈ વરિષ્ઠ વ્યક્તિ સાથે વાત કરીને દરેક સમસ્યાનો ઉકેલ મેળવી શકો છો.

મીનઃ આજે લાભ થઈ શકે છે. આ રાશિના જે લોકો પોતાનો બિઝનેસ કરે છે તેમને સારો ફાયદો થવાની સંભાવના છે. પારિવારિક જીવનમાં પણ તમને સારા પરિણામ મળશે, આજે તમે તમારા મોટા ભાઈ-બહેન સાથે મળીને ખરીદી કરી શકો છો.

# ગોવિંદ નગરના રહીશોએ રોડ પર રોડ પાથરવાનો વિરોધ કર્યો

દાહોદ,

દાહોદમાં સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત હાલમાં સ્માર્ટ રોડની કામગીરી ચાલી રહી છે. આ કામગીરીમાં જાણે રોડ ઉપર રોડ પાથરવાની પેટન્ટ ફેશન બની ગઈ હોય તેમ લાગી રહ્યું છે. જેથી ગોવિંદ નગર વિસ્તારના રહીશોની રજૂઆતના પગલે ધારાસભ્યએ કલેકટરને જાણ કરતાં કલેક્ટરે રૂબરૂ મુલાકાત લઈને જરૂરી સૂચનાઓ આપી છે, પરંતુ કલેક્ટર મોડા પડ્યા છે. કારણ કે, બીજા કેટલાક રસ્તાઓ આ જ પેટન્ટ પર બની ગયા છે અથવા બની રહ્યા છે.

દાહોદ સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત સ્માર્ટ રોડનો ડ્રીમ પ્રોજેક્ટ સાકાર કરવા નગર પાલિકાએ જ બનાવેલા શોપીંગ સેન્ટરોને દવસ્ત કરી દેવામાં આવ્યા હતા. ઉપરાંત કેટલાક વિસ્તારોમા રહેણાંક મકાનોમાં અણઘડ રીતે પહેલા અને બીજા માળના બાંધકામોના એલીવેશન તોડી પાડવા લોકોને મજબુર કરવામા આવ્યા હતા. જે ખંડેરો લાગતા મકાનોમાં ફરી સરકારી પાવડો ફરી વળશે તેવા ભયથી કોઈ રિનોવેશન પણ કરાવતા નથી. તેમ છતાં શહેરીજનોને વિશ્વાસ હતો કે સ્માર્ટ રોડ બનશે. જેમાં પહોળા રસ્તા, સ્માર્ટ પોલ,ગાર્ડન ગ્રીનરી, ફુવારા, ફુટપાથ અને સીટીંગ એરેજમેનટ એવું બનશે. કારણ કે સ્માર્ટ રોડના નામે આ દિવા સ્વપન શહેરીજનોને બતાવવામાં આવ્યા હતા. બીજી તરફ જયારે સ્માર્ટ રોડ બનવાની શરૂઆત થઈ ત્યારે





સ્માર્ટ સીટીના શિલ્પીઓએ શહેરીજનોને જાણે હથેળીમાં ચાંદ બતાવ્યો હોય તેવુ પુરવાર થયું. કારણ કે, રોડમાં ખોદકામ કર્યા વિના જ રોડ ઉપર રોડ પાથરી દેતાં સપાટી ઉંચી આવી ગઈ છે અને તેને કારણે ચોમાસામાં મકાનો, દુકાનોમાં પાણી ભરાશે. ત્યારે આ જ શિલ્પીઓ સેવાના નામે છત્રીઓ લઈને મગર મચ્છના આંસુ સારવા નીકળી પડશે. જોકે, ગોવિંદ નગરના રહીશો આ મામલે પહેલેથી જ પિડીત હોઈ તેઓએ આશીર્વાદ ચોકથી એપીએમસી સુધીનો સ્માર્ટ રોડ બનાવવા ઈજારદાર ડામરના રોડ પર જ ડામરના થર પાથરી તે પહેલાં જ તેનો વિરોધ કરવા લેખિત રજૂઆત લઈને ગત શુક્રવારે સાંજે ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી પાસે પહોચ્યા હતા. જેથી ધારાસભ્યએ કલેક્ટરને ટેલીફોનીક વાત કરી રહીશોની લેખિત રજૂઆત સાથે પત્ર મોકલી આપ્યો હતો. જેથી સોમવારે સાંજે કલેક્ટર યોગેશ નિરગુડે સ્માર્ટ સીટીના સ્માર્ટ સ્ટાફ સાથે ગોવિંદ નગર આવી પહોંચ્યા હતા અને સ્થાનિક નગર સેવકો તેમજ રહીશોની રજૂઆત સાંભળીને હાલમાં ટ્રાયલ બેઝ પર એવી રીતે ખોદકામ કરવામાં આવે કે જેથી નીચે આવેલી વિવિધ પાઈપલાઈન અને યુટિલિટીને નુકસાન ન થાય તે રીતે શરૂઆત કરવામા આવે. જેથી ચોમાસામાં કોઈ મુશ્કેલી ન સર્જાય ત્યારે નગર પાલિકા અને સ્માર્ટ સીટીના બાબુઓ વચ્ચે સંકલનથી કામગીરી થાય તો જ સુયોજીત રીતે રસ્તો બનશે નહીતર ચોમાસામાં વરસાદી પાણીને ઘરોમાં ઘુસવાનો સ્માર્ટ અને સરળ રસ્તો મળી જશે તે નિશ્ચિત છે. આ બાબતે ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીએ જણાવ્યુ કે સ્માર્ટ સીટી પ્રોજેક્ટ સરકારે કરોડોના ખર્ચે જનસુવિધા માટે અમલમા મુક્યો છે. સ્માર્ટ રોડ પણ સુવિધા છે. અસુવિધા માટે નહી.કલેક્ટર યોગેશ નિરગુડેનો સંપર્ક કરતા તેઓ વ્યસ્ત માલુમ પડ્યા હતા અને સ્માર્ટ સીટીના કલસટર એન્જીરે ફોન રિસીવ કર્યા ન હતા.

### બકરૂ કાઢતાં ઉંટ ભરાઈ જશે તો?

દાહોદમાં સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત જમીનની અંદર ઘણા કામ થયા છે. જેમાં ગેસ પાઈપ લાઈન, સ્ટ્રોમ વોટર, ભુગર્ભ ગટર વિગેરેની પાઈપ લાઈનો નાખેલી છે. પરંતુ તે વધારે ઉંડાણમા નથી. જેથી જો બોકસ કટીંગ કરવા જાય અને કોઈ પણ પાઈપ લાઈન ડેમેજ થાય તો બકરૂ કાઢતા ઉંટડુ ભરાઈ જાય તેવો ઘાટ સર્જાઈ શકે છે અને જો રોડ પર જ રોડ પાથરશે તો મકાનો દુકાનોના દરવાજા કરતા રસ્તા ઉંચા થઈ જતા ચોમાસામાં એક ધારો વરસાદ વરસે તો ઘરવખરી કે માલસા પાણીમાં તરે તો નવાઈ પામવા જેવુ નહી હોય.

## સંજેલી ઝાલોદ રોડ ઉપર શું ? રાજકોટ વાળી થશે પછી તંત્ર જાગશે ?

સંજેલી,

સંજેલી નગરમાં એમજીવીસીએલ ની બેદરકારી કે પછી આળસ તંત્રને સ્થાનિકો દ્વારા જાણ કરવા છતાં પણ તંત્રને રીપેરીંગ કરવામાં રસ નથી કોઈ મોટી હોનારતની રાહ જુએ છે કે શુ?

સંજેલી ઝાલોદ રોડ માર્કેટ જવાના મુખ્ય રોડ પર જ વીજવાયરોમાં સાંદા મારેલા છે, જે જોખમી હાલતમાં જોવા મળી રહ્યા છે. સ્થાનિકોએ ળલદભહ ને અનેક વાર મોબાઈલ ફોનથી જાણ કરવામાં આવી છતાં આ વીજ વાયરો બદલવામાં આવ્યા નથી. થોડું પવન આવે તો સાંદા મારેલા વાયર પર અનેકવાર શોર્ટ સર્કિટના બનાવ બનતા હોય છે અને બાજુમાં એક વીજવાયર ક્રેક હાલતમાં જોવા મળી રહ્યો છે, છતાં તંત્ર દ્વારા આ સાંધા મારેલા વાયરો બદલવામાં આવતા નથી. આ બાબતની તંત્રને જાણ કરવા છતાં કોઈપણ જાતનો કાર્યવાહી કરવામાં આવી નથી. કોઈ મોટી હોનારત થાય તેની રાહ જોઈ રહ્યા હોય તેમ લાગી રહ્યું છે કે પછી રાજકોટ વાળી થશે તેવી રાહ જોવાય રહી હોય તેમ અનેક પ્રશ્નો સ્થાનિકો તેમજ ગ્રામજનોમાં ચર્ચાઈ રહ્યા છે. મેન્ટેનન્સ કામગીરીને લઈ લાઈટ બંધ રાખી પુરવઠો બંધ રાખવામાં આવે છે, તો આ જોખમી હાલત સાંદા મારેલા વાયરો ક્યારે બદલવામાં આવશે ? થોડું પવન કે પક્ષી બેસે તો અનેકવાર વાયરો ભેગા થઈ જતા હોય છે અને શોર્ટ સર્કિટ તથા સ્થાનિકોમા ભઈ સતાવી રહ્યો છે. આ સંજેલી ઝાલોદ રોડ મુખ્ય હોવાના કારણે હજારો માણસો વાહન વ્યવહારની અવર-જવર થતી હોય છે. આ સાંદા મારેલો વાયર અને એક ક્રેક વાર ક્યારે તૂટી પડે તેનું કોઈ જ નક્કી નથી કેમ કે તંત્ર તૂટી પડવાની જોવાઈ રહ્યું છે ? તંત્ર દ્વારા વહેલી તકે ચોમાસા



- સંજેલીમાં મુખ્ય રોડ ઉપર વીજ વાયરોમાં સાંદા મારેલા વીજ લાઈન જીવતા બોમ્બ સ.
- સ્થાનિકોએ એમજીવીસીએલને અનેકવાર મોબાઈલથી રજૂઆત કરી છતાં પરિણામ શૂન્ય.
- વીજ વાયર મુખ્ય રોડ પર તૂટી પડે તો અનેક વ્યકિતઓ નો ભોગ બને તે પહેલા રીપેરીંગ કરવા માંગ.
- આ મુખ્ય રસ્તા પર અનેક વખત બંને વાયર ટકરાવાથી શોર્ટ સર્કિટ થતા સ્થાનિકોમા ભયનો માહોલ.

પહેલા નવા વીજ વાયરો નાખી કામગીરી કરાવવામાં આવે તેવી માંગ ઉઠવા પામે છે.

મુખ્ય રોડની ઉપર વીજવાયર ક્રેક અને બીજી જગ્યા પર સાંદા મારેલા વાયર પર પક્ષી કે પવન આવે તો સોટ સર્કિટના બનાવો બને છે કોઈ મોટી હોનારત ના સર્જાય તે માટે મે ઝાલોદ એમજીવીસીએલને નવા વાયરો નાખવા અનેક વખત મોબાઈલથી ફોન કરી જાણ કરી હતી છતાં આજ દિન સુધી કોઈ હજી રીપેર માટે આવ્યું નથી.

## ઝાલોદ પોલીસ દ્વારા સ્વીફ્ટ ગાડીમાં લઈ જવાતો ૧,૧૮,૫૦૦નો દારૂ ઝડપી પાડ્યો : ગાડી ચાલક ફરાર



દાહોદ,

દાહોદ જીલ્લાની ઝાલોદ ડી.વાય.એસ.પી પટેલને બાતમી મળેલ હતી કે કમલેશ રતન ડામોર (રહે.મઘાનીસર, ઝાલોદ) રાજસ્થાન ડુંગરા તરફથી ઝાલોદ તરફ એક સફેદ કલરની સ્વીફ્ટ ગાડી જેનો નંબર GJ-15-CF-3941માં વિદેશી દારૂ ભરીને લાવી રહેલ છે, તે બાતમીને આધારે ખરસાણા ગામે કટારા ફળીયામા રોડની સાઈડમાં બાતમીવાળા વાહનની વોચ કરી રહેલ હતા. તે દરમ્યાન બાતમીવાળું વાહન આવતા તેને રોકવાનો પ્રયાસ પોલીસ દ્વારા કરવામાં આવતા ગાડીના ચાલક દ્વારા ગાડી વળાવી નાસી છૂટવાનો પ્રયત્ન કરવામાં આવેલ હતો. પોલીસને ચકમો આપી ગાડી ચાલક ગાડી મુકી ઝાડી ઝાખરાનો લાભ લઈ નાસી છુટેલ હતો. પરંતુ પોલીસ દ્વારા નાશી છુટેલ વ્યક્તિને ઓળખી લેવામાં આવેલ હતો.

પોલીસ દ્વારા ફોર વ્હીલર ગાડીની તલાસી લેતા ગાડી માંથી ઈંગ્લિશ દારૂની ૨૭ પેટી મળી આવેલ હતી. આ વિદેશી દારૂની કુલ ૭૮૦ બોટલો જેની કિંમત અંદાજીત ૧,૧૮,૫૦૦ અને ફોર વ્હીલર ગાડીની કિંમત ૨,૦૦,૦૦૦ થઈ કુલ ૩,૧૮,૫૦૦નો મુદ્દામાલ પોલીસ દ્વારા ઝડપી પાડેલ હતો. ઓળખી ગયેલ ફરાર આરોપી કમલેશ ડામોર વિરૂદ્ધ ગુનો નોંધી પોલીસ દ્વારા કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવેલ છે.

## હાલોલ બસ સ્ટેન્ડમાં બસની રાહ જોતી મહિલાને કુટુંબી જેઠાણીએ આવીને ગાળો આપી એસીડની બોટલ ગળા અને છાતીના ભાગે છાંટી ગુનો કર્યાની ફરિયાદ

હાલોલ,

હાલોલ બસ સ્ટેન્ડમાં ફરિયાદી બસની રાહ જોઈને બેઢેલ હતા ત્યાર તેના કુટુંબી જેઠાણી હાથમાં લાકડાનો ડંડો અને એસીડની બોટલ લઈ આવી હતી અને હોસ્પિટલના વોચમેન સાથે પ્રેમ સંબંધ રાખે છે તેમ કહી ગાળો બોલી એસીડની બોટલ ગળા અને છાતીના ભાગે છાંટી તેમજ લાકડાથી માર મારી ગુનો કર્યાની ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલોલ બસ સ્ટેન્ડમાં ફરિયાદી જવાબેન પ્રવિણભાઈ લક્ષ્મણભાઈ હરીજન બસની રાહ જોઈ બેઠેલ હતા ત્યારે કુટુંબી જેઠાણી સુશીલાબેન લખાભાઈ હરીજન હાથમાં ડંડો અને એસીડની બોટલ લઈ આવી હતી અને તુ અંકુર હોસ્પિટલમાં વોચમેન હિરાભાઈ સાથે પ્રેમ સંબંધ રાખે છે તેમ કહીને ગાળો આપી હતી. અને હાથમાં રાખેલ એસીડની બોટલ ગળા અને છાતીના ભાગે છાંટી દંડા વડે માર મારવામાં આવતા આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

## ઝાલોદ નગરના કુરાન શરીફ તેમજ ઈસ્લામના અપ બદલ ઝાલોદ મુસ્લિમ બિરાદરોએ આવેદનપત્ર પાઠવી વિરોધ દર્શાવ્યો

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ મુસ્લિમ બિરાદરોએ મામલતદારને આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવેલ અનુસાર, કુરાન ઈસ્લામ ધર્મનો અત્યંત પવિત્ર ગ્રંથ છે. જે વતા, સતા, પ્રેમ.સત્ય, શાંતિ, ન્યાય માટે સમગ્ર વિશ્વ જગત માટે સંદેશો પાઠવતો પવિત્ર ગ્રંથ છે. ઈસ્લામ ધર્મ અન્ય ધર્મ ગ્રંથ તેમજ ધર્મને સમ્ આપવા સૌથી પેહલા પોતાની નૈતિક ફરજ સમજે છે.

ત્યારે અમુક અસામાજીક તત્વો દ્વારા પોતાના સ્વાર્થ ખાતર તેમજ સસ્તી પ્રસિદ્ધ



મેળવવા અન્ય ધર્મ વિશે બેફામ વાણીવિલાસ અપમાનિત કરાતા કિસ્સાઓ જણાય આવે છે, તે અનુસંધાને ઉત્તરાખંડના હરિદ્વાર ખાતે રેહતો એક યુ-ટયુબર સિદધાર્થ ચતુર્વેદી ઉર્ફે (સમીર)નામનો ઈસમ સોશિયલ મિડીયામા લાઈવ આવીને પવિત્ર કુરાન વિશે તેમજ ઈસ્લામના વિરૂદ્ધ અપજનક કરતુત કરતો જણાય આવે છે. સાથે જ તે ઈસમ દ્વારા અભદ્ર ભાષાનો ઉપયોગ કરી ઈસ્લામના વિરૂદ્ધ વિવાદિત ટિપ્પણી કરતો જણાય આવે છે. ત્યારે આવા કટ્ટરપંથીઓ જે અન્ય ધર્મને વિશે સસ્તી પ્રસિદ્ધ માટે પોતાનુ ઝેર ઓકતા હોય ત્યારે સમગ્ર વિશ્વના મુસ્લિમોને આસ્થાને ઠેસ પહોચે છે. તેવી સોશિયલ મિડીયામા કરતુતો કરાઈ હોય તે અનુસંધાને ઝાલોદ મુસ્લિમો બિરાદરોએ આવા ઈસમ વિરૂદ્ધ સખ્તમા સખ્ત કાર્યવાહી સાથે ઝડપી ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દેશમાં શાંતી અને ભાઈચારો જળવાઈ રહે તે હેતુથી દેશના મહામહિમ રાષ્ટ્રપતિને સંબોધિત કરતુ આવેદનપત્ર મુસ્લિમ બિરાદરોએ ઝાલોદ મામલતદારને પાઠવી વિરોધ દર્શાવ્યો હતો.

## ગરબાડા તાલુકાના પાટીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે હેલ્થ ચેકઅપ કેમ્પ કરવામાં આવ્યો

દાહોદ,

દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાટીયા ખાતે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. શિલ્પા યાદવ તથા જીલ્લા ક્ષય અધિકારી ડો.આર.ડી.પહાડીયાના માર્ગદર્શન અન્વયે વડોદરા દિપક ફાઉન્ડેશન દ્વારા પાટીયા ખાતે પ્રિઝમટીવ ટીબીના લાભાર્થીઓના એક્ષરે કરવામાં આવ્યા હતા. ગરબાડા તાલુકામાં આરોગ્યની સેવાઓ છેવાડાના વી સુધી મળી રહે તે હેતુથી આ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમ્યાન ડાયાબિટીસ, બીપી અને એચબીની પણ તપાસ કરવામાં આવી હતી. આ કેમ્પની અંદર અંદાજીત કુલ ૧૦૧ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

## ફતેપુરા તાલુકાના ચીખલી ગામમાં ભૂગર્ભ સંપ માંથી હજારો લિટર પાણીનો વેડફાટઃતંત્ર કુંભકર્ણની નિંદ્રામાં ?



ફતેપુરા,

ફતેપુરા તાલુકાના કેટલાક ગામડાઓમાં ભરઉનાળામાં પીવાના પાણી માટે લોકો મુશ્કેલી ભોગવી રહ્યા છે અને કિલોમીટરો સુધી પાણી મેળવવા દોડાદોડી કરતા હોય તેમ છતાં જ્યાં સરકાર દ્વારા પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તેને જવાબદાર તંત્ર દ્વારા જાળવણી નહીં થતાં હજારો લિટર પાણીનો વેદ ફાટ થતો હોય છે અને તેવા ફતેપુરા તાલુકામાં અનેકવાર બનાવો બની ચૂકેલા છે અને જ્યારે આ બાબતે પ્રજાનો અવાજ નહીં ઉઠે ત્યાં સુધી તેમાં સુધારો કરવામાં નહીં આવતો હોવાના પણ અનેકવાર કિસ્સા બનેલા છે.જ્યારે સરકાર દ્વારા પ્રજાને પાણી પૂરૂં પાડવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે અને જેની જાળવણી સ્થાનિક જવાબદાર તંત્રને કરવાની હોય છે. પરંતુ કરોડો રૂપિયાના ખર્ચે થતાં નવા આયોજનો સફળ થઈ રહ્યા નથી. ત્યારે અગાઉના આયોજનનો દ્વારા કેટલાક ગામડાઓને પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. જેમાં પણ અનેકવાર ભંગાણ સર્જાતા લાખો લીટર પાણીનો વેડફાટ થતો હોય છતાં સ્થાનિક જવાબદારો દ્વારા તે પ્રત્યે ધ્યાન નહીં અપાતા પાણી નિરર્થક વહી જતું હોય છે. તેવી જ રીતે ચીખલી ગામે ભૂગર્ભ સંપ માંથી લાંબા સમયથી હજારો લિટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. ત્યારે તે પ્રત્યે તાત્કાલિક ધ્યાન આપી પાણીનો થતો વેડફાટ બંધ થાય તે પ્રત્યે લાગતું વળગતું તંત્ર ધ્યાન આપે તે ખૂબ જ આવશ્યક છે.

## ફતેપુરાના નવાગામના ડી.જે.માં બેઠેલા જાનૈયાઓને આનંદપુરીમાં કરંટ લાગતા એક મહિલાનું મોત : છ ગંભીર ઈજાગ્રસ્ત

દાહોદ,

દાહોદ જીલ્લામાં આદિવાસી સમાજમાં ડી.જે, દારૂ અને દહેજ ઉપર પ્રતિબંધ લાવવા વર્ષોથી સમાજના આગેવાનો સક્રિય છે અને દાહોદ, પંચમહાલ તથા મહીસાગર જીલ્લામાં મોટાભાગના સમજદાર લોકોએ ડી.જે, દારૂ અને દહેજ પ્રત્યે સીમા રેખા નક્કી કરી છે અને નવા ઘડવામાં આવેલા રીત રિવાજો મુજબ સામાજીક વ્યવહાર કરી રહ્યા છે. છતાં કેટલાક લોકો સમાજનું પરિવર્તન ઝંખતા ન હોય અને સમાજ સુધરે તેના માટે રાજી ન હોય તેમ પોતાની મરજી માફક સામાજીક વર્તન કરી રહ્યા છે અને તેમાં સમાજમાં નફો તો નહીં પરંતુ



નુકશાન થઈ રહ્યાના દાખલા પણ બની રહ્યા છે. જેમાં મંગળવારના રોજ ફતેપુરા તાલુકાના નવાગામ થી રાજસ્થાનમાં ગયેલા જાનૈયાઓને આનંદપુરી પાસે હાઈવે માર્ગ ઉપર ડી.જે ને ૧૧ કે.વી વીજ વાયર સાથે સંપર્ક થતા ડી.જે. માં બેઠેલા ૭ જેટલા લોકોને વીજ કરંટ લાગતા એક મહિલાનું સ્થળ ઉપર જ મોત નીપજવા પામ્યું હતું. જ્યારે છ લોકોને વીજ કરંટથી દાઝી જતા ત્રણની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે. અને જેઓને હાલ બાસવાડા દવાખાનામાં સારવાર માટે ખસેડવામાં આવેલ હોવાનું પણ જાણવા મળે છે.

મંગળવારના રોજ ફતેપુરા તાલુકાના નવાગામથી રાજસ્થાનના આનંદપુરી પાસે આવેલા પીપલાઈ ગામે જાનૈયાઓ જાન લઈને ગયેલા હતા. આ જાનમાં ફતેપુરા તાલુકાના પાટી ગામના લાલાભાઈ નાથાભાઈ મહિડાનું ડી.જે. પણ લઈ ગયા હતા. જ્યારે પીપલાઈ ગામે લગ્ન પ્રસંગ પૂર્ણ થતાં ડી.જે. પરત પાટી ગામે આવી રહ્યું હતું. જેથી આ ડી.જે.માં સાતેક જેટલા લોકો બેઠા હતા. જે આનંદપુરી પાસે આવતા નવીન બનાવવામાં આવી રહેલ રોડ ઉપર થી પસાર થતાં સમયે ડી.જે. ને ૧૧ કે.વીની વીજ લાઈનનો સંપર્ક થતા ડી.જે. માં કરંટ ઊતર્યો હતો. ડી.જે.માં સવાર દક્ષાબેન ગૌરવભાઈ મહીડા (ઉં.વ. ૩૦) ગૌરવભાઈ લાલસીંગભાઈ મહિડા (ઉંમર વર્ષ ૩૨) બંને રહે.પાટી સામલીબેન સિંગભાઈ (ઉંમર વર્ષ ૫૦) રહે. નવાગામ લક્ષ્મીબેન કાળુરામ (ઉંમર વર્ષ ૩૫) ફળવા, રાજસ્થાન ગણપતભાઈ લાલસિંહભાઈ (ઉંમર વર્ષ ૨૮) રહે.સુખસર, આશાબેન રમેશભાઈ (ઉંમર વર્ષ ૩૨) રહે. નવાગામ, કૈલાશબેન પ્રવીણભાઈ(ઉંમર વર્ષ ૨૫) નાઓને વીજ લાઈનનો કરંટ લાગ્યો હતો.

જેમાં ગંભીર ઈજાગ્રસ્ત દક્ષાબેન ગૌરવભાઈ મહિડાનું સ્થળ ઉપરજ કમકમાટી ભર્યું મોત નિપજવા પામેલ હતું. જ્યારે અન્ય લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેઓને તાત્કાલિક આનંદપુરી સરકારી દવાખાનામાં સારવાર બાદ ત્રણ લોકોને ગંભીર ઈજાઓ હોય વધુ સારવાર માટે બાસવાડા ખાતે રિફર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. જે જગ્યાએ ડી.જે.ને હાઈટેન્શન વીજ વાયર સાથે સંપર્ક થયો તે જગ્યાએ નવીન રોડ બનાવવામાં આવી રહ્યો છે. તેમજ રોડમાં માટી પુરાણ વધુ હોય તેમજ વીજ વાયર ઝૂલતા હોય તે સાથે મીની ટ્રકમાં ડી.જે.ની ઊંચાઈ વધુ હોય આ વીજ કરંટ લાગ્યો હોવાની ચર્ચા સાંભળવા મળે છે. ત્યારે રોડ ખાતું, વીજ ખાતું તેમજ ડી.જે. ચાલક ત્રણેયની બેદરકારીથી આ ઘટના ઘટવા પામી હોવાની ચર્ચા પણ સાંભળવા મળે છે.

## જાલત ખાતે વિશ્વ માસિક સ્વચ્છતા દિવસની ઉજવણી કરાઈ

દાહોદ,

દાહોદ જીલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, જાલત ખાતે એડોલેસેન્ટ હેલ્થ ડે અને વિશ્વ માસિક સ્વચ્છતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આયુષ મેડિકલ ઓફિસર ડો. કૌશલ્યા પરમાર, સિકલ કાઉન્સેલર નિખીલભાઈ અને એફ.એચ.ડબ્લ્યુ. દ્વારા શરીરમાં થતા શારીરિક,સિક અને ભાવાત્મક ફેરફારો, માસિકચક્ર વખતે રાખવાની સ્વચ્છતા,અને વપરાશમાં લેવાતી સામગ્રી અને તેનો યોગ્ય નિકાલ અંગે સમજણ આપવામાં આવી હતી. ઉપરાંત નાની ઉંમરે લગ્ન કરવાથી ઉભી થતી મુશ્કેલીઓ અંગે વિસ્તૃત રીતે ચર્ચા કરવામાં આવી અને યોગ્ય સમજણ આપવામાં આવી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.236

# ગોધરા શહેર અને તાલુકાની નર્મદા કેનાલ માંથી બે જ્યારે રામસાગર તળાવ માંથી એક મૃતદેહ મળ્યો

## ગોધરા રામસાગર તળાવ માંથી અજાણ્યા આધેડની લાશ મળી આવી.



ગોધરા
ગોધરા શહેરના રામસાગર તળાવમાં એક અજાણ્યા યુવકની જળકુંભીમાં ફસાયેલ મૃતદેહ મળી આવી હતી. બનાવની જાણ ગોધરા ફાયર બ્રિગેડ થતા તાત્કાલિક ઘટના સ્થળ ઉપર આવી પહોંચી હતી અને સ્થાનિક એ ડિવિઝન પોલીસની મદદથી જળકુંભીમાં ફસાયેલ યુવકની મૃતદેહને બહાર કાઢી અને ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપી હતી. હાલ તો ગોધરા એ ડિવિઝન પોલીસે મૃતદેહ ઉપર કબજો મેળવી આ યુવક ક્યાંનો છે, તે દિશામાં તપાસ હાથ ધરેલ છે.

ગોધરા શહેરના હોળી ચકલા વિસ્તારમાં આવેલ રામસાગર તળાવમાં એક અજાણ્યા યુવકની મૃતદેહ જળકુંભીમાં ફસાયેલ હાલતમાં મળી આવી હતી. જેથી આજુબાજુના સ્થાનિક રહીશોએ તાત્કાલિક ગોધરા ફાયર બ્રિગેડના જવાનોને કોલ કરીને જાણ કરી હતી. ફાયર બ્રિગેડના જવાનો તાત્કાલિક ઘટના સ્થળ ઉપર પહોંચી જળકુંભીમાં ફસાયેલ યુવકની મૃતદેહને સ્થાનિક એ ડિવિઝન પોલીસની મદદથી બહાર કાઢવામાં આવી હતી. જ્યારે એ ડિવિઝન પોલીસે અજાણ્યા યુવકની મૃતદેહ ઉપર કબજો મેળવી મૃતદેહને ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપી અને યુવક ક્યાંનો છે અને તેના વાલીવારસો કોણ છે, તે દિશામાં તપાસ હાથ ધરેલ છે.

## ગોધરા તાલુકાના બોરીયા કાંટડી પાસે નર્મદા કેનાલ માંથી આધેડનો મૃતદેહ મળ્યો .



ગોધરા
ગોધરા તાલુકાના બોરીયા કાટડી પાસેથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલ માંથી આજે વહેલી સવારે એક આધેડનો મૃતદેહ મળી આવ્યો હતો. ગોધરા ફાયર બ્રિગેડના જવાનોએ તાત્કાલિક રેસ્કયુ કરી અને ગણતરીની મિનિટોમાં મૃતદેહને નર્મદા કેનાલ માંથી બહાર કાઢી પરિવારજનોને સોંપ્યો હતો.

ગોધરા તાલુકાના સામલી ગામે રહેતા ૭૯ વર્ષીય મહેશભાઈ માનાભાઈ વૈષ્ણવ ગોધરા તાલુકા પાસે આવેલ બોરીયા કાટડી પાસેથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલમાં એક મૃતદેહ તળી રહ્યો છે. તેવો કોલ મહેસુલ વિભાગના મામલતદારને મળ્યો હતો. જેથી તેઓ એ તાત્કાલિક ગોધરા ફાયર બ્રિગેડ ને કોલ કરી સમગ્ર ઘટનાની જાણ કરી હતી. જેથી ગોધરા ફાયર બ્રિગેડના ઈન્ચાર્જ ફાયર ઓફિસર દિનેશ ડીંડોર, ક્રિષ્ના સોલંકી, દિનેશ ભાભોર અને ટ્રેનિંગ લઈ રહેલા ત્રણ ફાયર જવાનો તાત્કાલિક ઘટના સ્થળ ઉપર પહોંચી અને ગણતરીના મિનિટોમાં મહેશભાઈ માનાભાઈ વૈષ્ણવનો મૃતદેહને બહાર કાઢીને તેઓના પરિવારજનોને સોંપ્યો હતો. જ્યારે મોત કયા કારણોસર થયું છે કે હજુ સુધી અકબંધ રહ્યું છે.

## ગોધરા તાલુકાના ઘુસર ગામેથી પસાર થતી નર્મદા કેનાલ માંથી ૨૨ વર્ષીય યુવકનો મૃતદેહ મળ્યો .



ગોધરા
ગોધરા તાલુકાના ઘુસર ગામે પસાર થતી નર્મદા મુખ્ય કેનાલ પાસે એક ૨૨ વર્ષીય યુવક કુદરતી હાજતે ગયો હતો અને જ્યાં પાણી લેવા માટે કેનાલમાં પગ અચાનક પગ લપસી જતા ડૂબી ગયો હતો. જેથી આજુબાજુના સ્થાનિક લોકોએ તાત્કાલિક ગોધરા ફાયર બ્રિગેડને જાણ કરી હતી. જેથી ગોધરા ફાયર બ્રિગેડના જવાનો તાત્કાલિક ઘટના સ્થળ ઉપર પહોંચી સ્થાનિક લોકોની મદદ થી કલાકોની જહેમત બાદ મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. જ્યારે ઘટના જાણ થતાં સ્થાનિક પોલીસ પણ દોડી આવી હતી.

ગોધરા તાલુકાના બાહી ગામે રહેતા માધવ દિલીપભાઈ ભગોરા પોતાની માસીના ઘરે ઘુસર ગામે આવ્યા હતા. જ્યાં આજરોજ પોતાની માસીના ઘરેથી ઘુસર ગામ માંથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલ પાસે પોતાના મિત્ર સાથે કુદરતી હાજતે ગયા હતા. ત્યાં કેનાલમાં પાણી લેવા જતા અચાનક પગ કેનાલ માં સરકી જતા કેનાલમાં ડૂબી ગયા હતા. જેથી આજુબાજુના સ્થાનિક લોકોએ તાત્કાલિક ગોધરા ફાયર બિગેડને જાણ કરી હતી. જ્યાં ગોધરા ફાયર બિગેડના જવાનો અને સ્થાનિક લોકોની મદદથી માધવકુમાર દિલીપભાઈ ભગોરાનો મૃતદેહને નર્મદા કેનાલ માંથી બહાર કાઢયા બાદ તેમના પરિવારના સભ્યોને સુપ્રત કરવામાં આવ્યો હતો. જ્યારે આ ઘટનાને લઈને સ્થાનિક પોલીસ પણ તાત્કાલિક દોડી આવી હતી.

## આંબાખુટ કાનપુર ગામે બાજરીના ખેતરમાંથી લીલા ગાંજાના ૦૮ છોડ સાથે એક આરોપીને ઝડપી પાડ્યો



ઘોઘંબા,
ઘોઘંબા તાલુકો ગાંજાના વાવેતર તથા વેચાણ માટેનું વડુમથક બની ગયો છે. તાલુકામાં ગાંજાનું વાવેતર અને ઘોઘંબા નગરમાં ગાંજાનું વેચાણ મોટા પ્રમાણમાં થઈ રહ્યું છે. સ્થાનિક યુવાનો ને ગાંજાના બંધાણી બનાવી પરપ્રાંતિયો વેપારની આડમાં યુવાનો માટે મોત વેચી રહ્યા છે પંચમહાલ જીલ્લા SOG પોલીસને બાતમી મળી હતી કે, ઘોઘંબા તાલુકાના આંબાખુટ (કાનપુર) ગામે ડેરી ફળીયામાં રહેતા રસિકસિંહ માધુસિંહ સોલંકીએ તેના ખેતરમાં ગાંજો ઉગાડેલો છે. બાતમીના આધારે SOG પોલીસે આરોપીને સાથે લઈ તપાસ કરતા બાજરીના ખેતરમાં વાવેતર કરેલા લીલા ગાંજાના ૮ છોડ મળી આવ્યા હતા. જેની કિમત રૂ.૪,૦૦,૪૦૦/- આકવામાં આવી છે. SOG પોલીસે મુદ્દામાલને તપાસ અર્થે કબજે લઇ આરોપી રસિકસિંહ માધુસિંહ સોંલકીની અટકાયત કરી રાજગઢ પોલીસ સ્ટેશને NDPS એકટ મુજબની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી હતીડ

# ગોધરા-ઈન્ટરનેશનલ સેવાભાવી સંસ્થા લાયન્સ કલબને ૫૦ વર્ષ પૂર્ણ થતા સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી કરાઈ




ગોધરા,
મોતીબાગ પાર્ટી પ્લોટ ખાતે સામાજીક સેવાકીય પ્રવૃતિઓ, કલબના ભૂતપૂર્વ પ્રમુખો, ચાર્ટર સભ્યો તથા નગરની સેવાભાવી સંસ્થાઓના હોદ્દેદારો તથા પત્રકારોનું આ પ્રસંગે અભિવાદન અને મનોરંજક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લાયન્સ કલબ ગોધરાને ૫૦ વર્ષ પૂર્ણ થતા અનિલ સોની પત્રકાર માર્ગ પાસે ગરમીમાં રાહત માટે તે માટે રાહદારીઓ માટે લીંબુ શરબત વિતરણ, જરૂરિયાતમંદ બેન આર્થિક રીતે પગભર બને તે માટે સિલાઈમશીનનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શરૂઆતમાં રાજકોટમાં બનેલ હોનારતના સદ્દગત આત્માઓ માટે મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી. લાયન્સ ધ્વજ વંદના પ્રદિપ સોનીએ કરી હતી. સ્વાગત પ્રવચન પ્રમુખ ડોકટર ભાવેશ બુધવાની તથા સંસ્થાનો પરિચય મંત્રી હિરેન દરજીએ આપ્યો હતો. લાયન્સ કલબ ગોધરાના પાસ્ટ ડી. ગવર્નર જે.પી. ત્રિવેદી, પ્રભુ દયાલ વર્મા, એસ્ટ્રોલોજર ગીતાબેન લુહાણા, કિશોરીલાલ ભાયાણી એ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ પ્રસંગે રેડક્રોસ સોસાયટીના ચેરમેન જયપ્રકાશ ભોલંદા, નીરંકારી સત્સંગ મંડળના વિદ્યાબેન નિરંકારી, અગ્રની ઉદ્યોગપતિ ફિરદોષભાઈ કોઠી, કોમર્સ કોલેજના આચાર્ય પ્રોફેસર અરૂણસિંહ સોલંકી, પંચમહાલ જીલ્લાની લાયન્સ કલબ ના હોદ્દેદારો તથા નગરના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી રંગે ચંગે ઉજવી હતી.

# કાલોલ ના ખડોલી ગામ નજીક બાઈક પર સવાર બે ઈસમોને છકડા રિક્ષા ચાલકે ટક્કર મારતાં એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત

કાલોલ
કાલોલ-પાન્ડુ રોડ પર ખંડોલી નજીક આવેલ મુખ્ય રોડ પર મોડી રાત્રે સાડા નવ વાગ્યાના સુમારે બાઈક અને એક છકડો રિક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જે ઘટનામાં બાઈક પાછળ બેઠેલા ઈસમનું સારવાર દરમિયાન કરૂણ મોત નીપજ્યું હતું જ્યારે બાઈક ચાલકને શરીરના ભાગે ઈજાઓ પહોંચતા સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો હતો પ્રાપ્ત માહિતી અનુસાર કાલોલ નજીક પાન્ડુ ગામ ખાતે ઉર્સ નિમિત્તે દરગાહમાં હાજરી આપવા ફઈમ મહંમદ મુબીન પઠાણ તેના મિત્ર સાહેદ અલી આલમ સાથે તેની હીરો કંપની પેશન પ્રો જેનો રજીસ્ટર નં ત્રહ્મઉં ૦૬ ઈંગ ૨૫૧૮ નંબર ની બાઈક પાછળ સવાર થઈ કાલોલથી નિકળેલા અને રાત્રીના સમયે પાન્ડુ દરગાહ ની જીયારત કરી બન્ને જણ કાલોલ પરત ફરી રહ્યા હતા ત્યારે રાત્રીના સાડા નવ વાગ્યાના અરસામાં કાલોલ તાલુકાના



ખંડોલી ગામ પાસે સામેથી પુરપાટ ઝડપે આવતી છકડો રીક્ષા નં. ત્રહ્મઉં૦૭-અઝ ૦૭૦૪ એ પુરપાટ ઝડપે હંકારી ફરિયાદ ની બાઈક ને ટક્કર મારતાં બાઈક પર સવાર બન્ને પટકાયા હતા જેમાં બાઈક પાછળ બેઠેલા ફઈમને મોઢા અને ડાબા પગમાં ગંભીર ઈજાઓ થવાથી સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું જ્યારે બાઈક ચલાવનાર અલી આલમ ને શરીરે ઓછીવત્તી ઈજાઓ પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જે અંગેની ફરિયાદ કાલોલ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

# વેજલપુર ઘૂસર રોડ ઉપર ઉભરાતી ગટરો અને ભયંકર ગંદકીને લઈ યોગ્ય નિકાલ કરવા વેજલપુર ગ્રામ પંચાયતને લેખિત જાણ કરી

કાલોલ,
કાલોલ તાલુકાના વેજલપુર ગામ ના નાના મોહલ્લા માંથી પ્રસાર થતો ઘૂસર રોડ ઉપર આવેલ રેહમત સોસાયટી સામે ઘૂસર ગામનો મુખ્ય રોડ ઉપર ઉભરાતી ગટરો અને ભયંકર ગંદકીના કારણે રાહદારીઓ પરેશાન થતા ઘૂસર ગ્રામ પંચાયત એ વેજલપુર ગ્રામ પંચાયત ને યોગ્ય નિકાલ કરવા લેખિત રજુઆત કરી વેજલપુર ગ્રામ પંચાયત હદ વિસ્તાર માંથી પ્રસાર થતો ઘૂસર ગામ તેમજ આજુબાજુ ગામોને જોડતો મુખ્ય માર્ગ જેમાં ઘૂસર ગામ તેમજ ભૈરવની મુવાડી અગાસીની મુવાડી વલમપરી તેમજ કાછીયા ઘોડા ની પ્રજાને મજબૂરી માં ભયંકર ગંદકી માંથી પ્રસાર થવું પડે છે અને ભયકર ગંદકીના કારણે અનેક તકલીફોનો સામનો કરવો પડે છે. જેથી ઘૂસર ગ્રામ પંચાયતએ વહેલી તકે ભયંકર ગંદકી દૂર કરી ત્યાં કચરા પેટી મૂકી ગંદકીના થાય તેની કાળજી રાખવા અને વેજલપુર ઘૂસર રોડ ઉપર ગંદા પાણી થી ગટરો ઉભરાયને રોડ ઉપર ગંદુ પાણી રેલમછેલ થતું હોવાથી રાહદારીઓને તકલીફ થતી હોવાથી તાત્કાલિક યોગ્ય નિકાલ કરવા ઘૂસર ગ્રામ પંચાયત એ વેજલપુર ગ્રામ



પંચાયત ને લેખિત માં જાણ કરી છે. જેથી હવે જોવાનું એ રહયું કે ઘૂસર ગ્રામ પંચાયતની લેખિત રજુઆત બાદ વેજલપુર ગ્રામ પંચાયત એકશન મોડમાં આવશે કે પછી જેસા થા વૈસા હી ચાલતા રહેગા.

# શહેરાના અણીયાદ ગામે લગ્ન પ્રસંગમાં મોટા અવાજે ડી.જે. વગાડવા મામલે સામાજીક કાર્યકરે ફરિયાદ નોંધાવી

શહેરા,
શહેરાના અણીયાદ ગામના લક્ષ્મણપુરા ફળિયામાં લગ્ન પ્રસંગે મોટા અવાજે ડીજે વગાડવા બાબતે સામાજીક કાર્યકર દ્વારા પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે રાત્રિના સમયે ડીજે બંધ કરાવી દીધા બાદ સામાજીક કાર્યકર પ્રવીણ પારગીના ઘર આગળ ૪૦ થી ૫૦ લોકો એ કિકિયારીઓ કરીને અપ શબ્દો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

શહેરા તાલુકાના અણીયાદ ગામના લક્ષ્મણપુરા ફળિયામાં રહેતા બારીયા દિપસિંહ ભોપતના ત્યાં લગ્ન પ્રસંગ હોવાથી રાત્રિના સમયે મોટા અવાજે ડીજે સિસ્ટમ પર ગીતો વાગી રહ્યા હોવાથી પ્રવીણ પારગી અને તેમના પરીવારના સભ્યોને ઉંઘવામાં તકલીફ પડતી હોવાથી તેઓ દ્વારા કંટ્રોલ રૂમને ફોન કરીને જાણ કરવામાં આવી હતી. સામાજીક કાર્યકર પ્રવીણ પારગીએ પોલીસ કંટ્રોલ રૂમ ગોધરાને ફોન કરતા પોલીસ ગામ ખાતે આવી પહોંચી હતી. લગ્ન પ્રસંગમાં આવેલ અનેક લોકો ડીજેના સિસ્ટમ પર ખુશીથી નાચી રહ્યા હતા. ત્યારે પોલીસે ડીજે બંધ કરાવી દીધું હતું. સામાજીક કાર્યકર પ્રવીણ પારગીના ઘર



આગળ ૪૦ થી ૫૦ લોકો દ્વારા કિકિયારીઓ કરીને માઁ-બેન સામેની ગાળો બોલવા સાથે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સામાજીક કાર્યકર પ્રવીણ પારગી પોલીસ મથક ખાતે આવી પહોંચીને બનેલા બનાવની સમગ્ર હકીકત પોલીસ ઈન્સ્પેક્ટર રાહુલ રાજપુતને જણાવી હતી. આ ઉપરોક્ત બનેલ બનાવને લઈને પોલીસ મથક ખાતે સામાજીક કાર્યકર પ્રવીણ પારગી એ ફરિયાદ નોંધાવતા પોલીસે દીપસિંહ બારીયા સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. જોકે, લગ્ન પ્રસંગમાં ખાસ કરીને ડીજેની માંગ વધુ હોવા સાથે મોટા અવાજના કારણે ઘણી વખત કાચા માટીના ઘરોને પણ નુકશાન જવાની સંભાવના રહેલી હોય તેમજ દૂર દૂર સુધી આનો અવાજ પહોંચતો હોય એના કારણે અનેક લોકો હેરાન પરેશાન થતા હોય તો નવાઈ નહી.

# પંચમહાલ જીલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન ૨૫ ટકા હેઠળ ફાળવેલ વિદ્યાર્થીઓની સંખ્યા વધારો કરવા જીલ્લા પંચાયત શિક્ષણ ચેરમેન દ્વારા રજુઆત

ગોધરા,
પંચમહાલ જીલ્લાના મોટાભાગના તાલુકાઓ ટ્રાયબલ વિસ્તાર છે. તેમજ અમુક વિસ્તાર પોકેટ વિસ્તાર ટ્રાયબલ સમાવિષ્ટ છે. જેમાં મોટાભાગના વાલીઓ એસ.ટી., ઓ.બી.સી. અને બી.પી.એલ. કુટુંબો ધરાવે છે. ચાલુ વર્ષ રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત ૨૫ ટકા મુજબ ખાનગી શાળાઓમાં પ્રવેશ માટે ફાળવેલ લક્ષ્યાંક ૫૧૬ વિદ્યાર્થીઓ માટે હતો. હાલમાં પ્રથમ અને બીજા રાઉન્ડ કુલ ૪૯૯ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવી લીધા છે અને ૨૭ જગ્યાઓ હાલ વેટીંગ છે.

જીલ્લા માંથી કુલ ૩૧૫૦ અરજીઓ વાલીઓ દ્વારા ઓનલાઈન પોર્ટલ પર નોંધાવા આવેલ અને તે પૈકી ૨૨૦૫ અરજીઓ એપ્રૂવ થયેલ છે અને તેની સામે માત્ર ૫૧૬ વિદ્યાર્થીઓની જગ્યાઓ શિક્ષણ વિભાગ દ્વારા મંજુર થઈને આવેલ છે. જેથી મોટાભાગના વિદ્યાર્થીઓ યોજનાના લાભથી વંચિત રહેવા પામેલ છે. ત્યારે જીલ્લાની ભૌગોલિક, સામજીક અને આર્થિક સ્થિતીનો અભ્યાસ કરી પ્રવેશની સંખ્યામાં વધારો કરી આપવા માટે જીલ્લાના વાલીઓની માંગ છે. જીલ્લામાં ખાનગી શાળાની સંખ્યા ૧૨૬ જેટલી છે. જેથી વર્ગદીઠ સરેરાશ ૪૦ વિદ્યાર્થીઓને ૨૫ ટકા મુજબ લક્ષ્યાંક ફાળવવામાં આવે તો ૧૨૬ શાળાઓમાં ૧૦ની સંખ્યા મુજબ ૧૨૬૦ વિદ્યાર્થીઓનો લક્ષ્યાંક નિયત થઈ શકે છે. ત્યારે પંચમહાલ જીલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો કરી આપવા માટે પંચમહાલ જીલ્લા શિક્ષણ ચેરમેન અરવિંદસિંહ પરમાર દ્વારા રાજયના મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરાઈ છે.




રાજકોટ ઝ.છા.ગેમ ઝોનની દુઃખદ ઘટના માં નાના બાળકો સહીત ૩૦ જણા જીવતા ભુજાઇ જવાના બનાવ થી ગુજરાત માં માતમ છવાઇ ગયો છે ત્યારે મુતાત્મા ઓ ના આત્મા ને શાન્તિ મળે તે માટે કોગ્રેસ દ્વારા ચર્ચ પાસે ના ગાધી ચોક ગોધરા ખાતે શધ્ધાંજલી કાર્યક્રમ યોજવામાં આવેલ હતો મીણબત્તી સળગાવી બે મિનીટ નુ મોન પાળી સમુહ પ્રાથના સાથે સધ્ધા સુમન વ્યક્ત કરવામાં આવ્યો..

આ કાર્યક્રમ પંચમહાલ જિલ્લા કોગ્રેસ પ્રમુખ ચેતનસિહ ચોહાણ અજીતસિંહ ભટ્ટી રફીક તિજોરી વાલા માજી ધારાસભ્ય રાજેન્દ્ર પટેલ આબિદ શેખ મિકકી જોસેફ ઉમેશશાહ પુરાણી કાકા ઈમ્તિયાઝ સુજેલા આર એન પટેલ રાજેશ અડીયલ જય ગણેશ ખાલીદ દાવ રૂલ અમીન મેદા અશોક રાજુ એમનાણી યસરાજ સિસ ભાટી અક્રમ પટેલ જસુ પટેલ વકીલ પ્રકાશ બારોટ જયેસ શ્રીમતી હેમત સોલંકી હાજરી આપી હતી

# ગોધરા શહેરા ભાગોળ સ્વામિનારાયણ મંદિર ગેટ પાસે એક્ટિવાની ડીકીમાંથી ૧.૪૦ લાખની ચોરી થતાં ફરિયાદ

ગોધરા,
ગોધરા શહેરા ભાગોળ સ્વામિનારાયણ મંદિરના ગેટ પાસે ફરિયાદીની એક્ટિવા ગાડી ઉભી રાખેલ હતી. આ એક્ટિવા ગાડીની ડીકીમાં બેગમાં રાખેલ રૂ.૧,૪૦,૦૦૦/-કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી જતાં આ બાબતે ગોધરા બી-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરાના શહેરા ભાગોળ સ્વામિનારાયણ મંદિરના ગેટ પાસે ચિંતનકુમાર અશ્વિનભાઈ પટેલ(રહે.હરિકૃષ્ણ સોસાયટી)એ પોતાની એક્ટિવા નં.જીજે-૧૭-બીડી-૩૧૮૮ પાર્ક કરેલ હતી અને એક્ટિવાની ડીકીમાં રાખેલ બેગમાં ૧,૪૦,૦૦૦/-રૂપિયા રોકડા મુકેલ હોય તે કોઈ અજાણ્યો ચોર ઈસમ એક્ટિવાની ડીકીમાંથી ચોરી કરી જતાં ગોધરા બી-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
અલસિંગ એમ,
સિંગોડ
તરફથી અભીનંદન....
મુ.કેળકુવા,
તા.દે.બારીયા